# ATM

## PROVISIONAL ANSWER KEY (CBRT)

| | |
|---|---|
| **Name of the post** | **Assistant Professor, Sociology/Social Science Method, in Government B.Ed. College, GES, Class-2** |
| **Advertisement No.** | **51/2020-21** |
| **Preliminary Test held on** | **10-08-2021** |
| **Question No** | **001-300** |
| **Publish Date** | **11-08-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **18-08-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 12-08-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://150.129.165.5/GPSC_Suggestion/**

001. વ્યક્તિત્વ અંગેનો સર્વસંમત ખ્યાલ કયો છે ?

(A) વ્યક્તિત્વ અનુવંશ અને વાતાવરણની આંતરપ્રક્રિયાનો પરિપાક છે.

(B) વ્યક્તિગત ભિન્નતા દ્વારા વ્યક્તિત્વ સમજી શકાય છે.

(C) સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણથી વ્યક્તિત્વ ઘડાય છે.

(D) શારીરિક અને સાંવેગિક લક્ષણોનો સમન્વય એટલે વ્યક્તિત્વ.

002. આદિપ્રતિમાન (archetypes) નો ખ્યાલ કોણે રજૂ કર્યો છે ?

(A) એરિક્સન
(B) યુંગ
(C) સ્ટર્નબર્ગ
(D) રોજર્સ

003. ગિલ્ફોર્ડના બુદ્ધિના મોડેલ અનુસાર નીપજો કઈ છે ?

(A) સંબંધો, પરિવર્તનો, પ્રણાલિઓ
(B) ફલિતાર્થો, મૂલ્યાંકનો, સ્મૃતિધારણ
(C) વર્ગો, સંકેતો, પ્રણાલિઓ
(D) વર્તનો, મૂલ્યાંકનો, બોધ

004. નીચેના પૈકી કઈ માન્યતા હોવાર્ડ ગાર્ડનરની નથી ?

(A) બુદ્ધિ પ્રેરણાત્મક પરિબળોની નીપજ છે.

(B) બુદ્ધિને જીવાશાસ્ત્રીય આધારો છે.

(C) બુદ્ધિમાં સાંસ્કૃતિક રીતે મહત્ત્વ ધરાવતાં કૌશલોનો સમાવેશ થાય છે.

(D) વિકેન્દ્રિત ચિંતન દ્વારા વ્યક્તિની બુદ્ધિ સક્રિય થાય છે.

005. જ્યાં પિઆજેના સંદર્ભમાં – 'પ્રથમ વખત જોવામાં આવેલી ષટ્કોણની આકૃતિને અધ્યેતા અગાઉ જોયેલા આકારો સાથે સરખાવે છે.' – અધ્યયનની આ ક્રિયાને શું કહેવાય ?

(A) સંગઠન
(B) રૂપાંતર
(C) પરિપાચન
(D) જ્ઞાનાત્મક સંરચના

006. 'દરેક અસીલમાં સ્વ-વાસ્તવિકરણની શક્તિ હોય છે.' – કયા સલાહકાર આવી માન્યતા ધરાવે છે ?

(A) વિલિયમસન
(B) અબ્રાહમ મેસ્લો
(C) કાર્લ રોજર્સ
(D) આલ્બર્ટ એલિસ

007. કયું જોડકું સાચું છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન – હંમેશા વર્ધમાન

(B) પ્રયત્ન-ભૂલ અધ્યયન – ટેવનું નિર્માણ

(C) આંતરસૂઝ અધ્યયન – પ્રત્યક્ષીકરણમાં સ્થિરતા

(D) કારક અભિસંધાન – સજીવની સક્રિય પહેલ

008. કયું પરિબળ અપાનુકૂલનને પોષક નથી ?

(A) તણાવ-સહિષ્ણુતા
(B) નિમ્ન સ્વ-સંકલ્પના
(C) ઉચ્ચતર મહત્ત્વાકાંક્ષા
(D) અનિર્ણાયકતા

009. માર્ગદર્શન અને સલાહનો ભેદ-દર્શક મુદ્દો કયો છે ?

(A) પારસ્પરિક માહિતીની આપ-લે
(B) લેનાર અને આપનાર વચ્ચેના સંબંધનું મહત્ત્વ
(C) કારકિર્દી અને આજીવિકા સાથેનો સંબંધ
(D) અભિયોગ્યતા આધારિત પ્રક્રિયા

010. કઈ પદ્ધતિ આઈઝેન્કની દેન છે ?

(A) મનોઝંઝાવાત
(B) ઘટક વિશ્લેષણ
(C) સાંયોગિક અભિપ્રેરણા
(D) શબ્દ સાહચર્ય

011. સલાહના તર્કનિષ્ઠ અભિગમની મૂળ ધારણા કઈ છે ?

(A) સારી લાગતી ઘટનાઓ વિશેની આપણી વિચારણા તાર્કિક હોય છે.

(B) નકારાત્મક ઘટનાઓ અતાર્કિક વિચારણા સર્જે છે.

(C) વર્તનનું પરિણામ તાર્કિક વિચારણા છે.

(D) અતાર્કિક વિચારણાના કારણે નકારાત્મક લાગણીઓ સર્જાય છે.

012. ''શિક્ષણ એ ફિલસૂફીની ગત્યાત્મક બાજુ છે.'' આ વિધાનો સૌથી નજીકનો અર્થ કયો છે ?

(A) શિક્ષણ એક ગતિમાન ખ્યાલ છે, એમાંથી ફિલસૂફી નિષ્પન્ન થાય છે.

(B) શિક્ષણ અને ફિલસૂફી બંને મનુષ્યજીવનને ગતિશીલ બનાવે છે.

(C) ફિલસૂફીની બીજી બાજુ એટલે શિક્ષણ.

(D) ફિલસૂફીને વ્યવહારમાં મૂકવામાં આવે ત્યારે તે શિક્ષણ બને છે.

013. જ્ઞાન વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) જ્ઞાન અનાત્મલક્ષી છે – અસ્તિત્વવાદ

(B) જ્ઞાન આંતરક્રિયાત્મક છે – વાસ્તવવાદ

(C) જ્ઞાન અંતઃસ્ફુરણાત્મક છે – આદર્શવાદ

(D) જ્ઞાન શાશ્વત છે – વ્યવહારવાદ

014. સાંખ્યદર્શન અનુસાર કયું વિધાન યોગ્ય છે ?

(A) બાળવિકાસનું સર્વોચ્ચ શિખર બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ છે.

(B) બાળક મન દ્વારા નિર્ણય કરીને બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ કરે છે.

(C) ચિત્તવૃત્તિઓ સંયમિત કરવાથી મનની શક્તિઓ સક્રિય થાય - તે જ બુદ્ધિ અથવા મહત્‌

(D) વિવેકશક્તિ કેળવવા માટે શિક્ષણમાં પ્રકૃતિની મદદ લેવી જોઈએ.

015. અષ્ટાંગ યોગમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) પ્રતિક્રમણ

(B) ધારણા

(C) યમ

(D) પ્રત્યાહાર

016. નીતિ-શિક્ષણના માધ્યમ તરીકે ગિજુભાઈ શાની તરફેણ કરે છે ?

(A) બાળવાર્તાઓ તથા નાટિકાઓ

(B) માતાપિતા દ્વારા મળતું માર્ગદર્શન

(C) બાળકની સ્વયં-સ્ફુરણા

(D) કુદરત સાથે બાળકોનો સંસર્ગ

017. બંધારણીય મૂલ્ય તરીકે સમાજવાદી વિચારણા શાની સાથે નિસબત ધરાવે છે ?

(A) સંપત્તિના વિતરણ માટે સરકારની સક્રિય ભૂમિકા

(B) પર્યાપ્ત આજીવિકાનો અધિકાર

(C) આર્થિક વિકાસમાં સૌની સમાન ભાગીદારી

(D) સામાજિક ગતિશીલતા દ્વારા વિકાસની સમતા જાળવવી.

018. ''ભારતના આધ્યાત્મિક વારસાની સમજ ધરાવતી અને દેશની સાંસ્કૃતિક એકતાની કદર કરતી વ્યક્તિઓ તૈયાર કરવાનો હેતુ ઉચ્ચ શિક્ષણનો છે.'' – આ અપેક્ષા શામાં વ્યક્ત થયેલી છે ?

(A) કોઠારી કમિશન

(B) ભારતનું બંધારણ

(C) રાધાકૃષ્ણ કમિશન

(D) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986

019. જે. કૃષ્ણમૂર્તિના મંતવ્ય અનુસાર 'શિક્ષણમાં આદર્શોને કોઈ સ્થાન નથી.' તેઓ આ માટે કયું સ્પષ્ટીકરણ આપે છે ?

(A) આદર્શો વ્યક્તિગત તફાવતોને નકારે છે.

(B) આદર્શો ભૂતકાળલક્ષી હોય છે તેથી વર્તમાનની સમજને અવરોધે છે.

(C) આદર્શો વ્યક્તિને દંભી બનાવે છે.

(D) દરેક વ્યક્તિ સ્વયં બીજા માટે આદર્શરૂપ બનવાની આંતરિક શક્તિ ધરાવે છે.

020. 1986 ની શિક્ષણનીતિમાં પ્રોગ્રામ ઓફ એક્શન દ્વારા સૂચવાયેલા ફેરફારોના કારણે કયો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો ?

(A) શિક્ષક પસંદગી માટેની પરીક્ષાઓ
(B) નિરંતર શિક્ષણ
(C) એકેડેમિક સ્ટાફ કોલેજ
(D) મધ્યાહ્ન ભોજન યોજના

021. દયાનંદ સરસ્વતી કયા પ્રકારના શિક્ષણનો વિરોધ કરે છે ?

(A) સહશિક્ષણ
(B) સ્ત્રી શિક્ષણ
(C) બ્રહ્મચર્યનું શિક્ષણ
(D) વ્યાકરણ શિક્ષણ

022. તત્ત્વજ્ઞાનમાં સમાવિષ્ટ વિચારશાખાઓ દર્શાવતો વિકલ્પ કયો છે ?

(A) મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, શિક્ષણમીમાંસા
(B) શિક્ષણમીમાંસા, તત્ત્વમીમાંસા, જીવનમીમાંસા
(C) અધ્યયનમીમાંસા, મૂલ્યમીમાંસા, આચરણમીમાંસા
(D) સૌંદર્યમીમાંસા, મૂલ્યમીમાંસા, તત્ત્વમીમાંસા

023. ઈ.સ. 1916 માં પ્રકાશિત થયેલા 'Democracy and Education' નામના પુસ્તકના લેખક કોણ છે ?

(A) બર્ટ્રાન્ડ રસેલ
(B) જ્હોન ડ્યૂઈ
(C) ઝ્યાં પૉલ સાર્ત્ર
(D) શ્રી અરવિંદ

024. જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

(A) સંદેહાત્મક
(B) પ્રયોગાત્મક
(C) વિભાવનાત્મક
(D) તથ્યાત્મક

025. કઈ બાબત માહિતીને લાગુ પડતી નથી ?

(A) અસંદિગ્ધતા
(B) આત્મલક્ષિતા
(C) અર્થપૂર્ણ સંદેશ
(D) પ્રક્રિયા કરેલો પ્રદત્ત (ડેટા)

026. જ્ઞાનના નિર્માણમાં કયા કયા પરિબળોનો સમાવેશ થાય ?

(i) પરિસ્થિતિની પરખ
(ii) પુસ્તકોનું વાંચન
(iii) ઈન્ટરનેટ પરની માહિતી
(iv) અનુભવોની વહેંચણી
(v) આંતરસૂઝ
(vi) સફળતા-નિષ્ફળતા પર ચિંતન

(A) i, ii, iii
(B) i, iv, v
(C) ii, iii, vi
(D) iii, iv, v

027. અભ્યાસક્રમનું હાર્દ કયું છે ?

(A) અદ્યતન પાઠ્યક્રમ
(B) શિક્ષકના માર્ગદર્શન હેઠળ અધ્યેતાના અનુભવો
(C) ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો
(D) ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ

028. આઝાદીના લડવૈયાઓ પૈકી સુભાષચંદ્ર બોઝ વિશે વાત કરતી વેળા ઈતિહાસના શિક્ષક રંગમાં આવી જાય છે, ને ગર્વ અનુભવે છે. વિદ્યાર્થીઓ આ બાબતની નોંધ પણ લે છે. – આ ઘટના શાની સાથે સંકળાયેલી છે ?

(A) ગર્ભિત અભ્યાસક્રમ
(B) અનુભવકેન્દ્રી અભ્યાસક્રમ
(C) હેતુ-કેન્દ્રિત અભ્યાસક્રમ
(D) વિષયવસ્તુકેન્દ્રિત અભ્યાસક્રમ

029. જ્ઞાન-આધારિત અભ્યાસક્રમ રચનામાં કઈ બાબતની વિશેષ કાળજી લેવાવી જોઈએ ?

(A) વિવિધ વિદ્યાશાખા વચ્ચે થતું જ્ઞાન-સંક્રમણ
(B) તજ્જ્ઞો દ્વારા જ્ઞાનનું અસરકારક પ્રત્યાયન
(C) વિદ્યાશાખાની સીમા અંતર્ગત જ્ઞાન-નિર્માણ
(D) પ્રત્યેક વિદ્યાશાખાના જ્ઞાનની શુદ્ધતાની જાળવણી

030. અભ્યાસક્રમના અભિગમો વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) રાજનીતિવાદી : મહત્તમ વસતિજૂથોનો સમાવેશ

(B) તંત્ર-વહીવટી : લોકતાંત્રિક અનુભવો

(C) મનોવૈજ્ઞાનિક : અધ્યેતાનું મનોમાપન

(D) બૌદ્ધિક શૈક્ષણિક : તરેહો શોધવી, તારણો કાઢવાં

031. જે અભ્યાસક્રમમાં પ્રાકૃતિક વિજ્ઞાનો, અવલોકન તથા તર્કનિષ્ઠાને મહત્ત્વનું સ્થાન હોય તે અભ્યાસક્રમ કઈ તાત્ત્વિક વિચારધારાને અનુસરીને બનાવવામાં આવેલો હોય ?

(A) વ્યવહારવાદ (B) પ્રકૃતિવાદ

(C) વાસ્તવવાદ (D) પુનઃરચનાવાદ

032. અભ્યાસક્રમ રચનાના પ્રતિમાન વિશેની કઈ જોડી સાચી નથી ?

(A) ટાયલર : જરૂરિયાતોનું નિદાન (B) સ્ટેક્સ : અવલોકિત વ્યવહારો

(C) સ્ટેક્સ : આનુભવિક આકસ્મિકતા (D) મુખોપાધ્યાય : લક્ષ્ય, ધ્યેય, ઉદ્દેશો

033. માનવતાવાદી અભ્યાસક્રમ શાના પર વિશેષ ઝોક આપે છે ?

(A) માનવમાત્રનો બોધાત્મક વિકાસ (B) સમાનુભૂતિ અને સુખ

(C) માનવ સંસાધન વિકાસ (D) તંદુરસ્ત સામાજિક સ્પર્ધા

034. અસરકારક અધ્યાપન માટે સૌથી ઓછું જરૂરી શું છે ?

(A) અભ્યાસક્રમ પૂરો કરવાની આવડત (B) વર્ગમાં શાંતિ

(C) વિષયાંતર (D) વિષયવસ્તુની અદ્યતનતા

035. ''વિદ્યાર્થીના અનુભવોનો ઉપયોગ કરો.'' – ને શિક્ષણના કયા સૂત્ર (maxim) સાથે સંબંધ છે ?

(A) આગમનથી નિગમન તરફ (B) સરળથી સંકુલ તરફ

(C) ભાવાત્મકથી બોધાત્મક તરફ (D) જ્ઞાતથી અજ્ઞાત તરફ

036. મોરીસનના મત અનુસાર 'સમજ' એટલે શું ?

(A) ભવિષ્યના અધ્યયન માટેની અભિપ્રેરણા

(B) અન્વેષણ માટેનું અભિસ્થાપન

(C) એકમવસ્તુના સૌથી અગત્યના હિસ્સાનું સંગઠન

(D) સામાન્યીકરણનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની આંતરસૂજ

037. ફ્લેન્ડર સૂચિત વર્ગવ્યવહારના અમુક ઘટકોને 'શિક્ષકની પરોક્ષ અસર'ની શ્રેણીમાં શા માટે મૂકવામાં આવે છે ?

(A) વિદ્યાર્થીની પહેલ તે શિક્ષકની પરોક્ષ અસરનો સૌથી મહત્ત્વનો પુરાવો છે.

(B) વિદ્યાર્થીના ઉત્તરનો સ્વીકાર થવાથી શિક્ષકનો પ્રભાવ તેમાં વ્યક્ત થાય છે.

(C) તેના દ્વારા વિદ્યાર્થીઓની સહભાગિતાને સમર્થન મળે છે.

(D) તે ઘટકો શિક્ષકની સમજમાંથી નિષ્પન્ન થતી અસર દર્શાવે છે.

038. અભિક્રમોની રચના મનોવિજ્ઞાનના કયા સિદ્ધાંતનો આધાર લે છે ?

(A) શાસ્ત્રીય ઉત્તેજક – પ્રતિચાર સિદ્ધાંત (B) તત્પરતાનો સિદ્ધાંત

(C) કારક અભિસંધાનનો સિદ્ધાંત (D) હકારાત્મક પ્રતિપોષણનો સિદ્ધાંત

039. કયા પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા ગુણનું સવિગત અન્વેષણ કરવામાં આવે છે ?

(A) નિદાન કસોટી (B) સિદ્ધિ કસોટી

(C) પ્રક્ષેપણ કસોટી (D) વિલંબિત કસોટી

040. કઈ શરત સહકારી અધ્યયનને લાગુ પડતી નથી ?

(A) જૂથના સભ્યો વચ્ચે સહકાલિક (simulteneous) આંતરવ્યવહાર

(B) પ્રત્યેક સહભાગીનું ઉત્તરદાયિત્વ

(C) સફળ અધ્યયનને અંતે દરેક સહભાગીને ગ્રેડ કે ગુણનું વળતર

(D) દરેક અધ્યેતાનું હકારાત્મક પરસ્પરાવલંબન

041. માપન એટલે ..........

(A) વસ્તુ કે ઘટનાનું માપન, તેના લક્ષણોનું નહીં.

(B) પ્રદત્ત (ડેટા)નું અંકશાસ્ત્રીય વર્ણન

(C) પરિણામોનું આંકડાકીય અર્થઘટન

(D) આપેલા નિયમોના આધારે ઘટનાઓને સમજાવવી

042. કઈ કસોટી રચનાત્મક (formative) મૂલ્યાંકન અંતર્ગત આવે ?

(A) ક્વિઝ

(B) મૂલક સંદર્ભ

(C) નિદાન

(D) શિક્ષક-રચિત

043. સંરચનાવાદી અભિગમના સંદર્ભમાં 'અધ્યેતા પોતાનાં ધ્યેયો અને પ્રવૃત્તિ નક્કી કરે' એ કયા પ્રકારનું અધ્યયન કહેવાય છે ?

(A) સ્વ સંકલ્પનાલક્ષી અધ્યયન

(B) સમાંતર અધ્યયન

(C) સક્રિય અધ્યયન

(D) પ્રમાણભૂત અધ્યયન

044. નીચેના પૈકી કયું પુખ્તાધ્યાયન શાસ્ત્ર (Andragogy) સાથે સંબંધિત છે ?

(A) ભવિષ્યલક્ષી અધ્યાપન

(B) સમસ્યા ઉકેલ માટેનું અધ્યાપન

(C) ગહન વિષમકેન્દ્રી અધ્યાપન

(D) આત્મ-સાક્ષાત્કાર માટેનું અધ્યાપન

045. રૂબ્રિકની સંરચનામાં શાનો સમાવેશ થાય છે ?

(A) ગ્રીડ (કોષ્ટક)નો

(B) રજૂઆતનો સ્તર દર્શાવતા વિશેષણોનો

(C) પ્રાપ્તાંકોનો

(D) વય-કક્ષા અનુસાર ગ્રેડનો

046. એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડેલની પોષક અસર કઈ છે ?

(A) પરિપૃચ્છા (inquiry)માં અભિરૂચિ થવી

(B) સંકલ્પનાના માળખાનું સર્જન થવું

(C) માહિતી અને ખ્યાલોનું અર્થપૂર્ણ પરિપાચન

(D) વિવેચનાત્મક વિચારણામાં પ્રવેશ કરવો

047. ''નૈસર્ગિક ઘટનાઓમાં પ્રવર્તતા સંબંધો અંગેની ઉત્કલ્પનાત્મક પૂર્વધારણાઓની ચકાસણી માટેનું વિવેચનાત્મક કાર્ય એટલે સંશોધન'' - કર્લિંજરની આ વ્યાખ્યામાં સંશોધનનું આગત (input) દર્શાવતો શબ્દ / શબ્દ સમૂહ કયો છે ?

(A) પ્રવર્તતા સંબંધો

(B) ઉત્કલ્પનાત્મક પૂર્વધારણા

(C) વિવેચનાત્મક કાર્ય

(D) ઉપરોક્ત તમામ

048. શૈક્ષણિક સંશોધનમાં નીચેના પૈકી કઈ બાબત અનિવાર્ય નથી ?

(A) શિક્ષણ વિદ્યાશાખાને બહેતર બનાવવાની આકાંક્ષા

(B) તર્કનિષ્ઠ વિશ્લેષણ

(C) હેતુલક્ષિતા

(D) પ્રતિનિધિરૂપ નૂમનો

049. શૈક્ષણિક સંશોધનના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કેસ-સ્ટડીમાં દ્વિપુચ્છ કસોટી વધુ અનુકૂળ રહે છે.

(B) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ શિક્ષણ વિદ્યાશાખા માટે અપ્રસ્તુત છે.

(C) ઉત્કલ્પના ન રચી હોય તો ચલની પસંદગી થઈ શકતી નથી.

(D) ગુણાત્મક સંશોધનમાં પણ ચલનો અભ્યાસ કરી શકાય છે.

050. નમૂનાનું કદ શાના પર આધાર રાખે છે ?

(A) ઉત્કલ્પનાનો પ્રકાર

(B) સંશોધનનો પ્રકાર

(C) સંશોધકની આવડત

(D) કઈ પદવી માટેનું સંશોધન છે તે

051. સક્રિય અધ્યયન કાર્યક્રમની સિદ્ધિ પ્રાપ્તાંકો પર થતી અસર તપાસવા માટેની સંશોધન યોજનાની લાક્ષણિકતા કઈ હોવી જોઈએ ?
(A) ઉપયોગિતા, આત્મલક્ષિતા, વિશ્વસનીયતા
(B) અનાત્મલક્ષિતા, યથાર્થતા, સામાન્યીકરણ-ક્ષમતા
(C) અદ્યતનતા, ઉપયોગિતા, વસ્તુલક્ષિતા
(D) અનન્યતા, આત્મલક્ષિતા, સામાન્યીકરણ-ક્ષમતા

052. નીચેના પૈકી કયો સિદ્ધાંત પ્રાયોગિક સંશોધન યોજનાનો સિદ્ધાંત નથી ?
(A) નિયંત્રણ
(B) પુનરાવર્તન (Replication)
(C) નિરપેક્ષતા
(D) યાદચ્છીકરણ

053. કઈ બાબત કસોટીની ગુણવત્તા દર્શાવતી નથી ?
(A) તાર્કિક સમાનતા પદ્ધતિ વિશ્વસનીયતા
(B) દ્વિભાજન (split half) વિશ્વસનીયતા
(C) એકાંતર (Alternative) યથાર્થતા
(D) પ્રત્યક્ષ (Face) યથાર્થતા

054. ગુણવત્તાયુક્ત સંશોધનના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ફાયદો કયો છે ?
(A) અન્યની મદદ લઈને ભરી શકાય છે.
(B) પ્રતિભાવકની ઓળખ ગુપ્ત રાખી શકાય છે.
(C) જેમને ખરેખર રસ હોય તેવા પ્રતિભાવકોના ઉત્તરો પ્રાપ્ત થાય છે.
(D) પાત્રોના પ્રતિભાવો નિશ્ચિતપણે મળી જાય છે.

055. પ્રાયોગિક સંશોધનમાં વધુ ચોકસાઈપૂર્ણ તારણો મેળવવા માટે જવાબદાર પરિબળ કયું છે ?
(A) મોટો નમૂનો
(B) વિશાળ વ્યાપવિશ્વ
(C) કમ્પ્યુટરના ઉપયોગ દ્વારા વિશ્લેષણ
(D) એક કરતાં વધારે પરતંત્ર ચલની પસંદગી

056. સંશોધનના પ્રકાર અને હેતુ દર્શાવતું કયું જોડકું સાચું છે ?
(A) ગુણાત્મક – તાત્કાલિક ઉકેલ પ્રાપ્તિ
(B) ક્રિયાત્મક – સમસ્યાની સાંપ્રતસ્થિતિનું વર્ણન
(C) વ્યાવહારિક – સિદ્ધાંતોની સ્થાપના
(D) મૂળગત – જ્ઞાનને ખાતર જ્ઞાન

057. સમાવેશી શિક્ષણ શું છે ?
(A) શિક્ષણનો મનોવૈજ્ઞાનિક અભિગમ
(B) બંધારણીય મૂલ્ય
(C) વંચિત બાળકોનો વિશેષાધિકાર
(D) માનવીય અધિકાર

058. સમાવેશી શિક્ષણની સફળતાના આધારો કયા છે ?
(A) દિવ્યાંગ બાળકો માટે કાળજી, વિશેષ શિષ્યવૃત્તિ, સરકારી સહાય
(B) તેજસ્વી શિક્ષકો, લાગણીપૂર્ણ વ્યવહાર, સામાજિક સહાય
(C) સંસાધનોનો ટેકો, બાળકની જરૂરિયાત અનુસાર અધ્યાપન, સમાન તક
(D) સમાન તક, સામાજિક ન્યાય, વિશિષ્ટ બાળકો માટે વિશેષ સુવિધાયુક્ત વર્ગખંડો

059. સમાવેશી શિક્ષણની વિભાવનાને સ્વીકારનાર સૌ પ્રથમ દેશ કયો છે ?
(A) કેનેડા
(B) ફિનલેન્ડ
(C) ગ્રેટ બ્રિટન
(D) અમેરિકા

060. સમાવેશી શિક્ષણની સંકલ્પના ઘટક કયા છે ?
(i) વિશિષ્ટ શાળાઓ
(ii) નિમ્નસિધ્ધિ વિદ્યાર્થીઓ પ્રતિ વિશેષ ધ્યાન
(iii) બાળકના આત્મગૌરવનો બિનશરતી સ્વીકાર
(iv) વિવિધતાને પ્રતિપોષણ આપતું વાતાવરણ
(v) વ્યક્તિલક્ષી પ્રતિભાવ પ્રણાલિ
(A) i, ii, iii
(B) iii, iv, v
(C) ii, iii, iv
(D) i, iv, v

061. કયું લક્ષણ મસ્તિષ્ક દોષ (Cerebral palsy) ધરાવતા બાળકનું નથી ?
(A) બોલવું અને શ્વાસ લેવાનું એકસાથે કરવું મુશ્કેલ
(B) ટેકા વગર નીચે નમી ન શકે
(C) અનિચ્છિત હલનચલન પર નિયંત્રણનો અભાવ
(D) ચાલવા માટે ટેકણઘોડીનો આધાર જરૂરી

062. દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકને કઈ મુશ્કેલી પડે ?
(A) અનુલેખન કરવામાં ભૂલ
(B) મોટેથી વાંચતી વખતે ક્યાં પહોંચ્યા તેનું વિસ્મરણ
(C) સિવણ કે ઝીણવટભર્યાં કામ કરવામાં મુશ્કેલી
(D) ઉપરોક્ત ત્રણેય

063. બહુ મોટેથી કે ખૂબ ધીમેથી બોલનાર વિદ્યાર્થી કઈ અક્ષમતા ધરાવે છે ?
(A) મંદબુધ્ધિ
(B) શ્રવણમંદતા
(C) દશ્ય અવરોધ
(D) ચેતાકીય અક્ષમતા

064. સમાવેશક શિક્ષણની અધ્યાપન વ્યુહરચનામાં શાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે ?
(i) ઈન્દ્રિયલક્ષી પ્રવૃત્તિ
(ii) વૈવિધ્યપૂર્ણ પ્રવચનો
(iii) પુનરાવર્તન
(iv) સહકારી અધ્યયન
(v) નાટક
(vi) ઓછું શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ
(A) i, iii, iv
(B) i, iv, v, vi
(C) ii, iii, v, vi
(D) iv, v, vi

065. શૈક્ષણિક ટેકનોલોજીની સંકલ્પના અનુસાર તેનું કયું લક્ષણ સાચું છે ?
(A) અધ્યયન-અધ્યાપન પ્રવિધિઓ એ ઈનપુટ છે.
(B) અધ્યયન સંજોગોનું નિર્માણ એ આઉટપુટ છે.
(C) અધ્યયન નીપજો એ પ્રક્રિયા છે.
(D) શિક્ષક એ પ્રણાલિ છે.

066. બ્લોગના ઉપયોગો કયા છે ?
(A) સહકારી અધ્યયન કરાવવા, પરીક્ષા લેવા, વિષયવસ્તુ મિડિયા સાથે જોડવા
(B) મલ્ટીમિડિયા પ્રેઝન્ટેશન કરવા, વિષયવસ્તુ અધ્યેતા સુધી પહોંચાડવા, સામગ્રીની સામૂહિક સમીક્ષા કરવા
(C) પોડકસ્ટિંગ, વોડકાસ્ટિંગ કરવા અને હોમવર્ક ચેક કરવા
(D) ઓનલાઈન પાઠ્યસામગ્રી બનાવવા, પેપરલેસ ક્લાસ ચલાવવા, આનુભવિક અધ્યયન કરવા

067. www.linkedin.com કયા પ્રકારની વેબસાઈટ છે ?
(A) માઈક્રોબ્લોગિંગ
(B) ચેટિંગ
(C) સોશિયલ નેટવર્કિંગ
(D) વેબ-સિન્ડિકેશન

068. નીચેના પૈકી કયું ઈ-લર્નિંગ ન કહેવાય ?
(A) મોબાઈલ લર્નિંગ
(B) અનુરૂપણ (simulation)
(C) પ્રોગ્રામ્ડ લર્નિંગ
(D) વર્ચ્યુઅલ લેબોરેટરી

069. ICT નું અનિવાર્ય કાર્ય કયું છે ?
(A) કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો.
(B) શૈક્ષણિક માહિતી એકત્ર કરવી
(C) દૂરવર્તી શિક્ષણનો ફેલાવો કરવો
(D) માહિતીનું વીજાણુ માધ્યમથી વ્યવસ્થાપન કરવું.

070. મલ્ટીમિડિયા અભિગમના પાયામાં કઈ વિચારણાનું મુખ્ય પ્રદાન છે ?
(A) મેસ્લોનો જરૂરિયાતનો શ્રેણીદર્શક ત્રિકોણ
(B) સ્કીનરનો કારક અભિસંધાનનો સિદ્ધાંત
(C) ડેલનો અનુભવ શંકુ
(D) વિગોસ્કીનો ZPD ચતુષ્કોણ

071. MOOCs શું છે ?

(A) સમૂહ માટે ખુલ્લા કરાયેલા ઓનલાઈન અભ્યાસક્રમ

(B) મોબાઈલ દ્વારા સંચાલિત ઓફલાઈન પ્રત્યાયન

(C) મેનેજમેન્ટ ઓફ ઓનલાઈન ક્લાસીસ

(D) મલ્ટીમિડિયા ઓનલાઈન ફ્રી કાઉન્સેલીંગ

072. ICT ના સંદર્ભમાં નીચેના પૈકી કઈ સમસ્યા સંશોધનક્ષમ ગણાય ?

(A) વ્યક્તિગત અનુદેશના ઓનલાઈન કાર્યક્રમની અસરકારકતા

(B) અભિક્રમિત અધ્યયન અને પરંપરાગત વર્ગ અધ્યયનની તુલના

(C) વિદ્યાર્થીના અશાબ્દિક પ્રત્યાયનની શિક્ષક પર થતી અસરો

(D) વર્ગ-પ્રત્યાયનના ઘટકોનું SPSS દ્વારા વિશ્લેષણ અને અર્થઘટન

073. અભ્યાસક્રમ વિકસાવવાની ક્ષમતા તથા આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનપ્રાપ્તિ શિક્ષક-પ્રશિક્ષણના કયા સ્તરના અભ્યાસક્રમમાં સમાવવામાં આવે છે.

(A) ડિપ્લોમા (B) સ્નાતક

(C) અનુસ્નાતક (D) ઉપરોક્ત ત્રણેય

074. શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ તરીકે આવેલા e-teacher education ના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે ?

(A) દૂરવર્તી શિક્ષણ પ્રણાલી (B) બંધારણીય મૂલ્યોનું અધ્યાપન

(C) સંરચનાવાદી અધ્યયન અભિગમ (D) શિક્ષણના પ્રતિમાનોનું અધ્યાપન

075. શિક્ષક પ્રશિક્ષણમાં વિકેન્દ્રીકરણ લાવનાર તથા અમલદારશાહી નાબૂદ કરનાર પરિબળ કયું છે ?

(A) ઉદારીકરણ (B) વ્યાવસાયીકરણ

(C) વૈશ્વીકરણ (D) રાષ્ટ્રીયકરણ

076. NAAC દ્વારા નિર્દેશિત શિક્ષક-પ્રશિક્ષણના ગુણવત્તા-દર્શકોમાં શાનો સમાવશે થતો નથી ?

(A) સંગઠન અને વ્યવસ્થાપન (B) સંશોધન અને વિસ્તરણ

(C) અભ્યાસક્રમ સંરચના અને આયોજન (D) સંસ્થાકીય પ્રતિષ્ઠા અને પ્રદાન

077. વિઝિટિંગ પ્રોફેસર સ્કીમ કઈ સંસ્થા દ્વારા પરિચાલિત થાય છે ?

(A) એન.સી.ઈ.ટી (NCET) (B) આઈ.એ.એસ.ઈ. (IASE)

(C) યુ.જી.સી. (UGC) (D) એચ.આર.ડી.સી. (HRDC)

078. સંશોધન અને અધ્યાપન માટે રાષ્ટ્રીય કક્ષાની ફેલોશીપ કઈ સંસ્થા આપે છે.

(A) યુ.જી.સી. (UGC) (B) એન.સી.ઈ.આર.ટી. (NCERT)

(C) એસ.એસ.એ. (SSA) (D) સી.ટી.ઈ. (CTE)

079. એન.સી.ઈ.આર.ટી. (NCERT) શિક્ષક-પ્રશિક્ષણને લગતું કયું કાર્ય સંભાળે છે ?

(A) સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષકોનું મૂલ્યાંકન કરવું.

(B) સ્નાતક કક્ષાના શિક્ષક-પ્રશિક્ષણના પુસ્તકોનું પ્રકાશન

(C) ડી.એલ.ઈડી. (D.L.Ed.) ના અભ્યાસક્રમોની રચના

(D) રિજીયોનલ કોલેજ ઓફ એજ્યુકેશન ચલાવવી

080. રાષ્ટ્રીય-શિક્ષણ નીતિ 2020 અનુસાર દસ વર્ષ બાદ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેની લઘુત્તમ લાયકાત કઈ હશે ?

(A) સંકલિત બી.એડ્. (B.Ed.) ની પદવી

(B) એલિમેન્ટરી એજ્યુકેશનના વૈકલ્પિક વિષય સાથે એમ.એડ્. (M.Ed.) ની પદવી

(C) કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી વત્તા ડી.એલ.ઈડી. (D.L.Ed.)

(D) જૂનું પી.ટી.સી. અને 10 વર્ષનો પ્રાથમિક શાળામાં અધ્યાપનનો અનુભવ

081. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કઈ ભલામણનો સમાવેશ થતો નથી ?
(A) ભારતીય ભાષાઓ તથા સંસ્કૃતિને મહત્ત્વ.
(B) ઓછામાં ઓછું ધો.-5 સુધીનું શિક્ષણ માતૃભાષા દ્વારા જ આપવામાં આવશે.
(C) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યશાળાઓ અને અધ્યયન અનુભવો.
(D) જીવન કૌશલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ.

082. NCFTE (2009) માં શિક્ષક પ્રશિક્ષક માટે કઈ અપેક્ષા દર્શાવી છે ?
(A) એ બધા જ્ઞાનનો સ્રોત બને
(B) એ હકારાત્મક અધ્યયન પર્યાવરણ રચે
(C) એ ભાવિ શિક્ષકોને આદર્શ નાગરિક બનાવે
(D) એ ભારતીય અધ્યાપન-પ્રવિધિઓમાં નિપુણ બને

083. ભારતમાં અધ્યાપનને પૂર્ણ વ્યવસાય તરીકે સ્થાપિત કરવામાં નડતરરૂપ પરિબળ કયું છે ?
(A) શિક્ષકની સ્વાયત્તતાનો અભાવ
(B) વ્યાવસાયિક આચારસંહિતાનો અભાવ
(C) શિક્ષકોના વ્યાવસાયિક સંઘના અસ્તિત્વનો અભાવ
(D) ઉપરોક્ત ત્રણેય

084. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક-પ્રશિક્ષક પાસેથી કઈ તજ્જ્ઞતાની અપેક્ષા રાખવામાં આવી છે ?
(i) ઓછામાં ઓછી ત્રણ ભાષાનું જ્ઞાન
(ii) ગ્રામ વિસ્તારમાં કામ કરવાની આવડત
(iii) ભારતીય મૂલ્યોની સમજ
(iv) અધ્યાપનની અદ્યતન પધ્ધતિઓમાં નિપુણતા
(v) બહુવિદ્યાશાખાકીય દૃષ્ટિકોણ
(vi) માનવવિદ્યાના વિષયમાં સર્ટિફિકેટ કે ડિપ્લોમા સ્તરનો અભ્યાસ
(A) ii, iii, v
(B) i, ii, iii
(C) iii, iv, v
(D) iv, v, vi

085. સંગઠનનું કયા પ્રકારનું નેતૃત્વ અપેક્ષા કરતાં પણ વધારે ઊંચું પરિણામ લાવી શકે છે ?
(A) વ્યવહારલક્ષી
(B) આપખુદશાહી
(C) રૂપાંતરકારી
(D) સાંસ્કૃતિક

086. નેતૃત્વ અસ્તિત્વમાં આવવા માટે શાની અનિવાર્યતા છે ?
(A) પ્રભાવશાળી વ્યક્તિત્વ
(B) લોકપ્રિયતા
(C) સમાજમાં પ્રદાન કરવાની ઝંખના
(D) ચોક્કસ ધ્યેય

087. 'લોકોને પોતાની અગત્ય છે અને પોતે અગત્યનું કામ કરી રહ્યા છે તે પ્રતિપાદિત કરવું તેઓને ગમે છે.' – આ સિધ્ધાંત વ્યવસ્થાપનમાં કયો અભિગમ સૂચવે છે ?
(A) માનવીય સંબંધ
(B) ટેયલરવાદ
(C) મનોગત્યાત્મક
(D) ગુણલક્ષણવાદી

088. કર્મચારીઓનું કયું લક્ષણ સંસ્થાકીય પરિવર્તન પ્રતિ મનોવૈજ્ઞાનિક અવરોધનો નિર્દેશ કરતું નથી ?
(A) સલામતીની જરૂરિયાત
(B) પરિવર્તન સહન કરવાની ઓછી શક્તિ
(C) જૂના મિત્રો જાળવી રાખવાની ઈચ્છા
(D) અજ્ઞાત સ્થિતિ ઊભી થવાની આશંકા

089. નેતૃત્વના કયા પ્રતિમાનમાં નેતાની નિસબતોને નવ બિંદુ પર અંકિત કરીને દર્શાવવામાં આવે છે ?
(A) ફાઈડલર
(B) સિક્સ સિગ્મા
(C) ત્રિપરિમાણીય
(D) બ્લેક એન્ડ માઉન્ટ

090. વ્યવસ્થાપન કાર્યક્ષેત્ર POSDCORB માં શાનો સમાવેશ થાય છે ?
(A) આયોજન, વિકાસ, પ્રત્યાયન, અહેવાલ
(B) અહેવાલ, સંયોજન, નિમણૂક, સંગઠન
(C) સહકાર, તૈયારી, પ્રત્યાયન, અંદાજપત્ર
(D) દોરવણી, કાર્યવહેંચણી, આયોજન, પ્રત્યાયન

091. શૈક્ષણિક સંસ્થામાં TQM ના અમલીકરણ માટે કયા વિભાગને કઈ જવાબદારી સોંપવામાં આવે છે ? નીચેના જોડકાંનો સાચો ક્રમ દર્શાવો.

| વિભાગ | જવાબદારી |
|---|---|
| (a) મેનેજમેન્ટ (સંચાલકો) | (i) વ્યક્તિગત સંભાવનાઓનું પોષણ |
| (b) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખું) | (ii) ICT અને સંસાધનોની પ્રાપ્યતા |
| (c) અધ્યાપન | (iii) કન્સલ્ટન્સી |
| (d) વિસ્તરણ | (iv) વિઝન-મિશનની નવરચના |

(A) a - iii, b - i, c - ii, d - iv
(B) a - iv, b - ii, c - i, d - iii
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - i, b - iii, c - iv, d - ii

092. ભારતીય ચિંતન અનુસાર 'સ્વ'ને ઓળખવો એટલે .....
(A) 'પોતે શુધ્ધ ચૈતન્ય છે' તેવું અનુભવવું
(B) પોતાના અંતઃકરણને સમજવું
(C) માન-અપમાનથી પર થવું
(D) પોતાનામાંના ત્રણેય ગુણનો પરિચય હોવો

093. આત્મસંયમ વિકસાવવા માટેની પ્રક્રિયામાં શાની જરૂર પડે ?
(A) અસ્તેય, અપરિગ્રહ, અહિંસા
(B) અનૃત, અહિંસા, પ્રાણાયામ
(C) બ્રહ્મચર્ય, પરિગ્રહ, પ્રાણાયામ
(D) પંચશીલ, ત્રિગુણ, નવધાભક્તિ

094. ભારતીય ચિંતન અનુસાર શિક્ષણનું અંતિમ ધ્યેય શું છે ?
(A) સન્યાસ
(B) આત્મબોધ
(C) પંચકોશનો વિકાસ
(D) ચિત્તમાં માનવતાનું સ્થાપન

095. માનસિક ચંચળતાનો નાશ કરી સ્થિરતા ધારણ કરવા માટે શાનું અનુપાલન કરવું જોઈએ ?
(A) નિયમ
(B) ધારણા
(C) યમ
(D) આસન

096. સત્ત્વગુણના લક્ષણો કયાં છે ?
(A) તેજસ્વિતા, પ્રવૃત્તિશીલતા, પ્રતિષ્ઠા
(B) સુખૈષણા, પૌરુષ, ધૈર્ય
(C) પ્રવૃત્તિશીલતા, પૌરુષ, શૌચ
(D) શૌચ, અસ્પૃહા, તેજસ્વિતા

097. સમાધિ અવસ્થામાં શાની પ્રાપ્તિ થાય છે ?
(A) એકાગ્રતા
(B) સંયમ
(C) પ્રજ્ઞા
(D) સંસ્કાર

098. મનોમય કોશનું કાર્ય શું છે ?
(A) સંકલ્પ કરવો
(B) સહજજ્ઞાનની પ્રાપ્તિ
(C) અન્નમય અને પ્રાણમય કોશનું સંકલન કરવું
(D) સંવેદનાઓનું નીરીક્ષણ કરવું

099. ''ભાષા દ્વારા સ્વ-વિકાસ થાય છે.'' આ બાબતનું સમર્થન કરતું સ્પષ્ટીકરણ કયું છે ?
(A) ભાષામાં સત્ય અને નાદનો સમન્વય છે.
(B) ભાષા દ્વારા સ્વની અભિવ્યક્તિ થાય છે.
(C) વિચાર કરવા માટે ભાષા અનિવાર્ય છે.
(D) ભાષા જન્મ પૂર્વેથી જ મનુષ્યના સંભવિત વ્યક્તિત્વ સાથે જોડાયેલી હોય છે.

100. સ્થિતપ્રજ્ઞ થવામાં કઈ બાબત અવરોધરૂપ બને છે ?
(A) મન સાથે જોડાયેલી ઈન્દ્રિયોનું અનુસરણ
(B) સુખમાં પણ અનાસક્તિ સેવવી
(C) કાચબાની જેમ વિષયોમાંથી અંગો સંકોરી લેવા
(D) સંવેદનશીલતા હીન બની જવું તે

101. સામાજિક વિજ્ઞાનમાં ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને બીજો કયા વિષયનો સમાવેશ થાય છે?

(A) નાટ્યકલા વિષય
(B) વિજ્ઞાન વિષય
(C) ભાષા વિષય
(D) નૃવંશશાસ્ત્ર વિષય

102. સામાજિક વિજ્ઞાનને લોકો અને સામાજિક તથા પ્રાકૃતિક પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયા સાથે સંબંધ છે. આ ખ્યાલ NCERT દ્વારા પ્રકાશિત કઈ પત્રિકામાં રજૂ થયો હતો?

(A) ટીચિંગ ઓફ સાયન્સ
(B) ટીચિંગ ઓફ સોસિયલ સ્ટડીઝ
(C) ટીચિંગ ઓફ સોસિયોલોજી
(D) ટીચિંગ ઓફ સોસિયલ એન્ડ કલ્ચરલ

103. સમાજવિદ્યા આપણા ભાવિ નાગરિકોની પેઢીમાં યોગ્ય-વિધાયક વલણો, મૂલ્યો, રૂચિ, ટેવોનુ ઘડતર કરવામાં સિંહ ફાળો મળી શકે તેવું સામર્થ્ય ધરાવે છે.

(A) ડેલોર્સ રિપોર્ટ
(B) નવી શિક્ષણ નીતિ
(C) ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ
(D) કોઠારી કમિશન

104. કઈ શિક્ષણ નીતિમાં સામાજિક વિજ્ઞાનના એકીકૃત અને સંકલિત અભ્યાસક્રમ પર ભાર મૂકવામાં આવ્યો છે?

(A) 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં
(B) 1968 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં
(C) 1979 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં
(D) 1984 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં

105. ''વસ્તુતઃ સમાજવિદ્યાનું ક્ષેત્ર વ્યાપક છે. અને સમગ્ર વિશ્વમાં માનવનું વર્તમાન સામાજિક જીવનને એનું મૂળ છે.'' આ વિધાન કોણ બોલે છે?

(A) કૅલેન બેંક અને અન્ય
(B) નિકલસન અને રાઈટ
(C) મેકોલેમ અને અન્ય
(D) ડૉ. બેન્જામિન બ્લૂમ

106. સામાજિક વિજ્ઞાન શિક્ષણની મહત્વની આધારશીલાઓ કેટલી છે?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

107. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાનના શિક્ષણની જરૂરિયાત સાથે સંબંધિત નથી?

(A) ભૌતિક જરૂરિયાત
(B) મનોવૈજ્ઞાનિક જરૂરિયાત
(C) તાત્વિક જરૂરિયાત
(D) સામાજિક જરૂરિયાત

108. સામાજિક વિજ્ઞાન એટલે ..........

(A) સમાજમાં રહેવાની વિદ્યા
(B) સમાજમાં જીવવાની વિદ્યા
(C) સમાજમાં વિચારવાની વિદ્યા
(D) સમાજમાં તર્ક કરવાની વિદ્યા

109. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની બાબતોને લગતું જ્ઞાન પ્રાપ્ત કરે. આ કયા પ્રકારનો હેતુ છે?

(A) સામાન્ય હેતુ
(B) વિશિષ્ટ હેતુ
(C) ગૌણ હેતુ
(D) સમાંગ હેતુ

110. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દોનું સામાન્યીકરણ કરે. આ કયા પ્રકારનો હેતુ છે?

(A) સામાન્ય હેતુ
(B) વિશિષ્ટ હેતુ
(C) સમાંગ હેતુ
(D) ગૌણ હેતુ

111. શિક્ષણ વ્યક્તિમાં આંતરરાષ્ટ્રીય સદ્ભાવનાનો વિકાસ કરવામાં સહાયરૂપ બને છે. ''વિશ્વ એક નીડમ'' અને કઈ ભાવના પ્રગટાવવામાં સમાજવિદ્યાનું શિક્ષણ મહત્વનો ફાળો આપે છે?

(A) વિશ્વ શાંતિ
(B) વિશ્વ ગ્રામ
(C) રાષ્ટ્રીય સદભાવના
(D) વસુધૈવ કુટુંબકમ

112. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાનના ધ્યેય સાથે સંબંધિત નથી?

(A) ભૌતિકતાનો વિકાસ

(B) રાષ્ટ્રીય અર્થતંત્રનો વિકાસ

(C) રાષ્ટ્રીય એકતા અને આંતરરાષ્ટ્રીય સમાજનો વિકાસ

(D) સાંસ્કૃતિક વારસાનો વિકાસ

113. શૈક્ષણિક હેતુ એટલે "શિક્ષણ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટેના માર્ગોની સ્પષ્ટ રચના." આ પરિભાષા કોણે આપી છે?

(A) સ્ટિફન | (B) રૂસો

(C) બર્નાડ | (D) બેન્જામિન બ્લૂમ

114. સામાજિક વિજ્ઞાન વિષયના હેતુઓ કેટલા ક્ષેત્રમાં વર્ગીકરણ કરવામાં આવે છે?

(A) ત્રણ | (B) ચાર

(C) પાંચ | (D) છ

115. સામાન્ય રીતે હેતુઓનું કયા ત્રણ ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે?

(A) કૌશલાત્મક-ભાવાત્મક-ક્રિયાત્મક ક્ષેત્ર | (B) જ્ઞાનાત્મક-સૌદર્યાત્મક-ક્રિયાત્મક ક્ષેત્ર

(C) જ્ઞાનાત્મક-ભાવાત્મક-વિકાસાત્મક ક્ષેત્ર | (D) જ્ઞાનાત્મક-ભાવાત્મક-ક્રિયાત્મક ક્ષેત્ર

116. માઈક્રોટીચિંગના ખ્યાલનો ઉદ્ભવ અમેરિકાની કઈ યુનિવર્સિટીમાં થયો હતો?

(A) સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી | (B) ઓક્સફર્ડ યુનિવર્સિટી

(C) મિસીગન યુનિવર્સિટી | (D) કેલીફોર્નિયા યુનિવર્સિટી

117. કઈ સદી વિજ્ઞાનની શોધો ઉપરાંત ઈન્ફોર્મેશન ટેકનોલોજીની સદી કહી છે?

(A) 19મી સદી | (B) 20મી સદી

(C) 21મી સદી | (D) 22મી સદી

118. નીચેના પૈકીનો કયો વિકલ્પ માઈક્રોટીચિંગનાં સોપાનોનો સાચો ક્રમ છે?

(A) પુનઃઆયોજન-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ-શિક્ષણ-પ્રતિપોષણ

(B) શિક્ષણ-પ્રતિપોષણ-પુનઃઆયોજન-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ

(C) પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ-શિક્ષણ-પ્રતિપોષણ-પુનઃઆયોજન

(D) શિક્ષણ-પુનઃઆયોજન-પ્રતિપોષણ-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ

119. અધ્યાપન પ્રક્રિયામાં સમાયેલાં વિવિધ વર્તનો અને તેના યોગ્ય સમૂહનો અધ્યાપન કૌશલ્યમાં પૃથક્કરણ કરવાનું કામ ભારતમાં સૌપ્રથમ કઈ યુનિવર્સિટીએ કર્યું હતું?

(A) મુંબઈ યુનિવર્સિટી | (B) મદ્રાસ યુનિવર્સિટી

(C) કલકત્તા યુનિવર્સિટી | (D) એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા

120. માઈક્રોટીચિંગ એ શેના માટેની પ્રયુક્તિ છે?

(A) અધ્યાપન કૌશલ્યો હસ્તગત કરવા માટેની | (B) શીખવવા માટેની

(C) શિક્ષણ કાર્ય માટેની | (D) અધ્યાપન કાર્ય માટેની

121. "શિક્ષકોના વર્તનોને પરોક્ષ રીતે વિકસાવવા માટેની એક અસરકારક પ્રયુક્તિ માઈક્રોટીચિંગ છે." - આ વ્યાખ્યા કોણે આપી છે?

(A) કૅલેન બૅંક અને અન્ય | (B) મેકોલેમ અને અન્ય

(C) ડવાઈટ એલને | (D) ભટ્ટાચાર્ય

122. નીચેના પૈકીનો કયો વિકલ્પ માઈક્રોટીચિંગનાં લક્ષણો સાથે સંબંધિત નથી?

(A) સમયમર્યાદા ખૂબ ઓછી હોય છે.

(B) વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોય છે.

(C) કૃત્રિમ વર્ગખંડની પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે.

(D) વાસ્તવિક વર્ગખંડમાં શિક્ષણ કાર્ય કરવામાં આવે છે.

123. માઈક્રોટીચિંગ પ્રયુક્તિના સંદર્ભમાં વડોદરાની CASE સંસ્થા દ્વારા તારવેલ કૌશલ્યની સંખ્યા કેટલી છે?

(A) 25 (B) 22

(C) 18 (D) 20

124. તાસ પાઠ આયોજન માટે કયા શિક્ષણશાસ્ત્રીની પંચપદી પદ્ધતિનો ઉપયોગ થતો રહ્યો છે?

(A) હર્બાટની (B) પ્લેટોની

(C) સોક્રેટિસની (D) રૂશોની

125. "પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાનું આયોજન કરે તેનો આલેખપત્ર" આ વ્યાખ્યા કોણે આપી હતી?

(A) લેસ્ટર સેન્ડ (B) બોશિંગ

(C) ર્બનિંગ અને ર્બનિંગ (D) ભટ્ટાચાર્ય

126. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેની આંતરક્રિયા માટે કયા કૌશલ્યનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્યનો (B) ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો

(C) સુદૃઢીકરણ કૌશલ્યનો (D) અશાબ્દિક સંજ્ઞા કૌશલ્યનો

127. નીચેના પૈકીનો કયો વિકલ્પ શિક્ષક પ્રશિક્ષણના શાળાનુભાવો સાથે સંબંધિત નથી?

(A) ઈન્ટર્નશીપ (B) છૂટા પાઠ

(C) બ્લોક ટીચિંગ (D) પરીક્ષા આપવી

128. સિમ્યુલેશન પાઠનો સમયગાળો સામાન્ય રીતે કેટલો રાખવામાં આવે છે?

(A) 20 મિનિટ (B) 30 મિનિટ

(C) 35 મિનિટ (D) 40 મિનિટ

129. કઈ બાબત શિક્ષકના શિક્ષણકાર્યમાં તેની અસરકારકતા, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિનો અરીસો છે?

(A) તાસ આયોજન (B) મૂલ્યાંકન

(C) માસિક આયોજન (D) કા.પાનોંધ

130. કયા મનોવિજ્ઞાનીએ અધ્યયનના જે નિયમો રજુ કર્યા છે તેમાં તત્પરતા નો નિયમ પણ આપ્યો છે?

(A) થોર્નડાઈક (B) પાવલોવ

(C) સ્કીનર (D) ક્રૌ એન્ડ ક્રૌ

131. સિમ્યુલેશન પાઠ કોની સમક્ષ આપવામાં આવે છે?

(A) વિદ્યાર્થી સમક્ષ (B) વર્ગખંડ સમક્ષ

(C) સહ પ્રશિક્ષણાર્થી સમક્ષ (D) માર્ગદર્શક સમક્ષ

132. પાઠ આયોજનમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) રોબર્ટની પંચપદી (B) હર્બાર્ટની પંચપદી

(C) સ્પેન્સરની પંચપદી (D) ડવાઈનની પંચપદી

133. હેતુકેન્દ્રી પાઠ આયોજનનો સમયગાળો સામાન્ય રીતે કેટલો હોય છે?

(A) 15 થી 20 મિનિટનો
(B) 10 થી 20 મિનિટનો
(C) 15 થી 22 મિનિટનો
(D) 30 થી 40 મિનિટનો

134. કયા મનોવિજ્ઞાનીઓએ એકમ શિક્ષણની યોજનાને પુષ્ટિ આપી હતી?

(A) પાવલોવ
(B) સ્કીનર
(C) મોસ્લો
(D) સમગ્રવાદી (ગેસ્ટાલ્ટ)

135. માઈક્રો પાઠ અને પૂર્ણ પાઠ વચ્ચેની ખાઈ પૂરવાનું કામ કોણ કરે છે?

(A) હેતુ પાઠ
(B) સમવાય પાઠ
(C) સેતુપાઠ
(D) એકમ પાઠ

136. સમવાય પાઠ એટલે ..........

(A) પ્રવૃત્તિકાર્ય પછી તરત પાઠ આપવામાં આવે છે.
(B) પ્રવૃત્તિકાર્ય પહેલાં પાઠ આપવામાં આવે છે.
(C) પ્રવૃત્તિકાર્યના સાથે સાથે પાઠ આપવામાં આવે છે.
(D) પ્રવૃત્તિકાર્યના બીજા દિવસે પાઠ આપવામાં આવે છે.

137. સામાન્ય રીતે કેટલા તાસનું સમગ્ર પ્રકરણ કે વિષયવસ્તુની શૃંખલાને આવરી લેતું આયોજન એ એકમ પાઠ આયોજન કહેવાય?

(A) એક કે બે
(B) પાંચ થી સાત
(C) દસ થી પંદર
(D) પંદર થી વીસ

138. રોલ-પ્લે પ્રયુક્તિને ગુજરાતીમાં કયા નામે ઓળખવામાં આવે છે?

(A) પાત્રઅભિનય
(B) અભિનયકલા
(C) નિદર્શન
(D) પાત્રયોક્તિ

139. નીચેના પૈકીનો કયો વિકલ્પ શિક્ષક કેન્દ્રી પ્રયુક્તિ છે?

(A) જૂથચર્ચા
(B) પ્રશ્નોત્તર
(C) પેનલચર્ચા
(D) કથન પ્રયુક્તિ

140. કઈ પ્રયુક્તિ થકી વિષયવસ્તુની બાબતોને મૂર્તસ્વરૂપમાં રજૂ કરી શકાય છે?

(A) વર્ણન
(B) ઉદાહરણ
(C) નિદર્શન પ્રયુક્તિ
(D) ચર્ચા

141. દરેક વિષયના લાંબા ગાળે સિદ્ધ થાય, તેવા હેતુ કેવા પ્રકારના હેતુ તરીકે ઓળખવામાં આવે છે?

(A) વિશિષ્ટ હેતુ
(B) ઉદ્દેશો
(C) અપેક્ષિતવર્તન
(D) સામાન્ય હેતુ

142. કથન, વર્ણન, વાર્તા જેવી પદ્ધતિ કોના કેન્દ્રી હોય છે?

(A) વિદ્યાર્થી કેન્દ્રી
(B) શિક્ષક કેન્દ્રી
(C) શિક્ષક-વિદ્યાર્થી કેન્દ્રી
(D) વિદ્યાર્થી-વિદ્યાર્થી કેન્દ્રી

143. કઈ નીતિએ અધ્યેતાકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ પર ભાર મૂક્યો છે?

(A) કોઠારી કમિશન
(B) ઈશ્વરભાઈ સમિતિ
(C) ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ
(D) ડેલોર્સ રિપોર્ટ

144. નીચેના પૈકીનો કયો વિકલ્પ કથન-ચર્ચા પદ્ધતિ સાથે સંબંધિત છે?

(A) વિદ્યાર્થીઓ જૂથમાં ચર્ચા કરે

(B) શિક્ષકના વ્યાખ્યાન સાથે વિદ્યાર્થીઓ ચર્ચામાં સહભાગી બને

(C) વિદ્યાર્થીઓ પેનલમાં ચર્ચા કરે

(D) વિદ્યાર્થીઓ વિષયવસ્તુનું વર્ણન કરે

145. નીચેના પૈકીનો કયો વિકલ્પ આધાર પદ્ધતિ સાથે સંબંધિત નથી?

(A) રોજનીશીનાં પાનાં (B) મુદ્રા-સિક્કાઓ

(C) મૌખિક વાર્તા (D) લેખપત્રો

146. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાનની વિશિષ્ટ પદ્ધતિ નથી?

(A) સેમિનાર પદ્ધતિ (B) પ્રાકૃતિક-પ્રાદેશિક પદ્ધતિ

(C) આધાર પદ્ધતિ (D) જીવન ચરિત્ર પદ્ધતિ

147. કોઈપણ સામગ્રીને એક અથવા વધુ ખંડોમાં વિભાગવાર પ્રદર્શિત કરવાની ક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) પ્રદર્શન (B) જૂથચર્ચા

(C) નાટયકરણ (D) સેમિનાર પદ્ધતિ

148. કયા કેળવણીકારે ''ક્રિયા દ્વારા શિક્ષણ'' અને ''અનુભવો દ્વારા શિક્ષણ''નો વિચાર રજૂ કર્યો?

(A) ગાંધીજી (B) ગીજુભાઈ બધેકા

(C) જહોન ડયુઈ (D) જુગતરામ દવે

149. નીચેના પૈકીનો કયો વિકલ્પ પુરાતાત્વિક આધાર સાથે સંબંધિત નથી?

(A) સ્મારકો (B) રોજનીશીનાં પાનાં

(C) અભિલેખ (D) મુદ્રાઓ

150. ''પ્રોજેક્ટ એક ઉદ્દેશ્ય પૂર્ણ કાર્ય છે. જેને સહકાર, સદભાવનાઓથી બાળક સ્વેચ્છા પૂર્વક પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.'' આ વ્યાખ્યા કોણે આપી છે?

(A) સ્ટીવન્સન (B) બેલાર્ડ

(C) બર્ટન (D) રાયબર્ન

151. કઈ સાલમાં અમેરિકાની સિન સિનાટી યુનિવર્સિટીના પ્રોફેસર એ. એલ. હોલકવેસ્ટે નિરીક્ષણ પદ્ધતિની દેણગી આપી હતી?

(A) ઈ.સ. 1916 (B) ઈ.સ. 1816

(C) ઈ.સ. 1919 (D) ઈ.સ. 1917

152. પ્રોજેક્ટ પદ્ધતિને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવાનું કામ કોણે કર્યું હતું?

(A) સ્ટીવન્સને (B) બેલાર્ડે

(C) રૂસોએ (D) કિલપેટ્રીકે

153. ગાંધીજી અને વિનોબાએ અનુબંધ શિક્ષણને બીજું કયું નામ આપ્યું છે?

(A) સમવાયી શિક્ષણ (B) સહશિક્ષણ

(C) સંકુલ શિક્ષણ (D) સહકારયુક્ત શિક્ષણ

154. ''જે એકમ વિદ્યાર્થીઓએ ભણવાનો છે. તેના પ્રવિભિજ્ઞા અને સ્વીકાર રૂપે જે શૈક્ષણિક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે અને જેનાથી એકમનો અભ્યાસ ક્ષમતાપૂર્વક થઈ શકે તેવી પ્રવૃત્તિ એટલે સ્વાધ્યાય'' આ વ્યાખ્યા કોણે આપી છે?

(A) બોસિંગે (B) ગ્રેમ્બસ

(C) રાયબર્ન (D) બર્ટન

155. નીચેના પૈકીનો કયો વિકલ્પ ગાંધીજી અને વિનોબાએ સૂચવેલ સમવાયી શિક્ષણના મુખ્ય કેન્દ્રો સાથે સંબંધિત નથી?

(A) ઔદ્યોગિક વાતાવરણ (B) પ્રાકૃતિક વાતાવરણ

(C) સામાજિક વાતાવરણ (D) ભૌતિક વાતાવરણ

156. શિક્ષક જે વિષયનું અધ્યાપન કાર્ય કરતા હોય તે જ વિષયના વિભિન્ન શૈક્ષણિક મુદ્દાઓ સાથે સહસંબંધ સ્થાપી ને શીખવે ત્યારે કેવો અનુબંધ રચાય છે?

(A) એકાંગી અનુબંધ (B) સર્વાંગી અનુબંધ

(C) જીવન સાથેનો અનુબંધ (D) ઊર્ધ્વ અનુબંધ

157. દયા, સત્ય, શોર્ય, દાનવીરતા, પ્રામાણિકતા જેવા ગુણો વિકસાવવામાં આ પદ્ધતિનો ઉપયોગ ઉપકારક બની રહે છે?

(A) આધાર પદ્ધતિ (B) ચર્ચા પદ્ધતિ

(C) પ્રોજેક્ટ પદ્ધતિ (D) વાર્તાકથન

158. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આંતર ક્રિયાને સ્થાન મળે અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણની સંકલ્પના સિદ્ધ કરે તેવી કઈ પદ્ધતિ?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ (B) નિદર્શન પદ્ધતિ

(C) નાટ્યીકરણ પદ્ધતિ (D) આધાર પદ્ધતિ

159. મુદ્રા-સિક્કાઓ અને શિલાલેખો કેવા પ્રકારનાં શૈક્ષણિક સાધનો છે?

(A) શ્રાવ્ય સાધનો (B) દૃશ્ય-શ્રાવ્ય સાધનો

(C) દૃશ્ય સાધનો (D) સાહિત્યિક સાધનો

160. નીચેના પૈકીનો કયો વિકલ્પ દૃશ્ય-શ્રાવ્ય સાધનો સાથે સંબંધિત નથી?

(A) ચાર્ટચિત્રો (B) નાટક

(C) ભવાઈ (D) ચલચિત્રો

161. મનોવૈજ્ઞાનિક પ્રયોગોના આધારે સ્પષ્ટ થયા મુજબ દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા વિદ્યાર્થી કેટલા ટકા જ્ઞાન અનુભવ સાથે પ્રાપ્ત કરે છે?

(A) 75 ટકા (B) 80 ટકા

(C) 90 ટકા (D) 95 ટકા

162. મહાન તત્વચિંતક પ્રશ્નપ્રયુકિતને કીમિયાગર કોણ હતો?

(A) પ્લેટો (B) એરિસ્ટોટલ

(C) સોક્રેટીસ (D) રૂશો

163. જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રશ્નપ્રયુકિતને ઉત્તમ પ્રવૃત્તિ કોણે ગણાવી છે?

(A) શ્રી રામ (B) શ્રી કૃષ્ણ

(C) શ્રી લક્ષ્મણ (D) શ્રી સુદામા

164. કઈ પદ્ધતિમાં શિક્ષક અને વિદ્યાર્થી બંનેનો સહયોગ જરૂરી છે?

(A) આધાર પદ્ધતિ (B) પ્રવૃત્તિ પદ્ધતિ

(C) પ્રોજેક્ટ પદ્ધતિ (D) નાટય કરણ પદ્ધતિ

165. નીચેના પૈકીનો કયો વિકલ્પ શૈક્ષણિક સાધનોની મર્યાદા સાથે સંબંધિત નથી?

(A) વર્ગમાં સાધનો લઈ જવા અને લાવવાની મુશ્કેલી પડે છે.

(B) આર્થિક રીતે સાધનો પોષાય તેમ નથી.

(C) શાળામાં દૃશ્ય-શ્રાવ્ય ખંડની અલાયદી વ્યવસ્થા હોતી નથી.

(D) સાધનો સરળતાથી ઉપલબ્ધ બને છે.

166. કયું શૈક્ષણિક સાધન શાળાઓમાં સરળતાથી ઉપલબ્ધ બને છે?

(A) ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટર
(B) પૃથ્વીનો ગોળો
(C) સ્લાઈડ પ્રોજેક્ટર
(D) OHP

167. પ્રવાસ પદ્ધતિમાં ઉપયોગી બની શકે એવું હાથવગું શૈક્ષણિક સાધન કયું છે?

(A) એટલાસ
(B) નકશાઓ
(C) પૃથ્વીનો ગોળો
(D) હોકાયંત્ર

168. વર્તમાનમાં ખૂબજ પ્રચલિત એવું વીજાણુયુક્ત શૈક્ષણિક સાધન કયું છે?

(A) રેડિયો
(B) ટેલિવિઝન
(C) ટેપરેકોર્ડર
(D) ઓડિયોવિડિયો કેસેટ

169. કઈ સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં અધ્યાપન-અધ્યયન માટે સ્લેટ કાળું પાટિયું બાળપોથી જેવા ઉપકરણો હતાં?

(A) 18મી સદી
(B) 17મી સદી
(C) 19મી સદી
(D) 20મી સદી

170. ઈન્ડ્રસ્ટ્રીયલ ઓડિયો-વિઝ્યુઅલ એસોસિએશનના સંશોધનનાં તારણોનો સાર કોણે રજુ કર્યો?

(A) ડૉ. રવીન્દ્ર દવે
(B) ડૉ. ગુણવંત શાહ
(C) ડૉ. મોતીભાઈ પટેલ
(D) ડૉ. જયેન્દ્ર શાસ્ત્રી

171. ચાર્ટ, આકૃતિ, આલેખ, પોસ્ટર, કાર્ટુન કયા ચિત્રોમાં આવે છે?

(A) બુલેટિન બોર્ડના ચિત્રો
(B) જાદુઈ ફાનસના ચિત્રો
(C) ગ્રાફિક ચિત્રો
(D) સંગ્રહાલયનાં ચિત્રો

172. નીચેના પૈકીનો કયો વિકલ્પ બિનશૈક્ષણિક સાધનસામગ્રી સાથે સંબંધિત નથી?

(A) વિદ્યાર્થીઓને બેસવા પાટલીની વ્યવસ્થા
(B) કાચના બારણાવાળા કબાટ
(C) એપિડાયોસ્કોપ
(D) નકશાઓનાં સ્ટેન્ડ

173. સામાજિક વિજ્ઞાનખંડની સજાવટમાં કઈ બાબતને ધ્યાને રાખી અત્યંત જરૂરી છે?

(A) બારીઓ ખોલી શકાય તેવી ગોઠવણ
(B) ટેબલો નડે નહિ તે રીતે મૂકવાં
(C) ઉઠવા બેસવાની તકલીફ ન પડે અને પૂરતો હવાઉજાશ રહે તેવી ગોઠવણ
(D) સાધનો સરળતાથી લઈ શકાય તે પ્રમાણે ગોઠવવાં

174. કોઈ પણ વિષયની વિષયવસ્તુને સરળતાથી સમજાવવા કે તેને વધુ સ્પષ્ટ કરવા શિક્ષક મિત્રો, આકૃતિઓ કે રેખા કૃતિઓ તૈયાર કરે તેને કલ્પનાનો સાથ આપે તો તેને શું કહેવામાં આવે છે?

(A) આલેખો
(B) જાદુઈ ફાનસ
(C) ચાર્ટસ
(D) ચિત્રો

175. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિ સાથે સંબંધિત નથી?

(A) સામાજિક સમસ્યાઓની ચર્ચા
(B) ઐતિહાસિક સ્થળોનું સંવર્ધન
(C) લોકજાગૃત્તિના કાર્યક્રમો
(D) સમાજોપયોગી કાર્યક્રમોથી દૂર રહેવું

176. નીચેના પૈકીનો કયો વિકલ્પ આદર્શ સામાજિક વિજ્ઞાન શિક્ષકનાં લક્ષણો સૂચિત કરે છે?

(A) જ્ઞાનપીપાસું-સારૂં શારીરિક માનસિક સ્વાસ્થ્ય-પ્રભાવશાળી વ્યક્તિત્વ-માનવીય અભિગમ-સંવેદનશીલ
(B) જ્ઞાનપીપાસું-માનસિક સ્વાસ્થ્ય-પ્રભાવશાળી વ્યક્તિત્વ-માનવીય અભિગમ-સંવેદનશીલ
(C) જ્ઞાનપીપાસું-સારૂં શારીરિક માનસિક સ્વાસ્થ્ય-પ્રભાવશાળી વ્યક્તિત્વ-માનવીય અભિગમ
(D) જ્ઞાનપીપાસું-શારીરિક-પ્રભાવશાળી વ્યક્તિત્વ-માનવીય અભિગમ-સંવેદનશીલ

177. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા સાથે સંબંધિત નથી?

(A) અપેક્ષિત જ્ઞાન
(B) આવશ્યક અધ્યાપન કૌશલ્યો
(C) અધ્યાપનમાં રસ-રૂચિ
(D) માનવીય દષ્ટિકોણની વિમુખતા

178. નવી ટપાલ-ટિકિટો મેળવતા રહેનાર ટિકિટ સંગ્રહકો શોખીનો કયા નામે ઓળખાય છે?

(A) ફિલોપ
(B) ફેસેલિટર
(C) ફિલાટેલિસ્ટ
(D) સંગ્રહાખોર

179. રોજ-બરોજના ઇતિહાસ શિક્ષણ માટે ઉપયોગી કયું શૈક્ષણિક ઉપકરણ છે?

(A) પ્રદર્શન ચિત્રો
(B) ટેપરેકોર્ડર
(C) આલેખો
(D) સમય રેખા

180. નકશાની મંજૂરી ક્યાંથી મેળવવામાં આવે છે?

(A) દિલ્હી
(B) આગરા
(C) દહેરાદૂન
(D) ચેન્નાઈ

181. કયા શિક્ષણશાસ્ત્રીએ વિદ્યાર્થીઓની વિવિધ ક્ષમતાઓની પારંગતતાના સ્તરે સિદ્ધિનો વિચાર રજૂ કર્યો છે ?

(A) ડૉ. મોતીભાઈ
(B) ડૉ.રવીન્દ્ર દવે
(C) ડૉ. જયેન્દ્ર શાસ્ત્રી
(D) ડૉ. ગુણવંત શાહ

182. નીચેના પૈકીનો કયો વિકલ્પ સેવાકાલીન તાલીમ સાથે સંબંધિત છે?

(A) નોકરીમાં જોડાતાં પહેલાનું પ્રશિક્ષણ છે.
(B) નૂતન અભિગોથી વાકેફ થઈ તેના વિનિયોગ માટે જરૂરી છે.
(C) શિક્ષક પ્રશિક્ષણમાં જરૂરી નથી.
(D) નોકરીમાં જોડાવા માટે જરૂરી છે.

183. નીચેના પૈકીનો કયો વિકલ્પ આદર્શ સામાજિક વિજ્ઞાન શિક્ષકના ગુણો સાથે સંબંધિત નથી?

(A) જિજ્ઞાસાવૃત્તિ
(B) ખંતીલાપણું
(C) પલાયનતા
(D) કાર્યકુશળતા

184. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકની રચના સાથે ઉચિત નથી?

(A) અભ્યાસક્રમને અનુલક્ષીને યોગ્ય સામગ્રી તૈયાર કરવી.
(B) સમાજની પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખીને અધ્યયન સામગ્રી તૈયાર કરવી.
(C) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સ્થાન આપવું.
(D) વિશેષ વાચનની સામગ્રીના સ્થાનની અનિશ્ચિતતા

185. પ્રવાસ-પર્યટનના શોખ સાથે તેને શાનો શોખ હોવો જોઈએ?

(A) નિરીક્ષણનો
(B) મૂલ્યાંકનનો
(C) ચિત્રકલાનો
(D) ફોટોગ્રાફીનો

186. સમાજવિદ્યાના શિક્ષકમાં ''વિશ્વ એક નિડમ'' અને ''વસુધૈવ કુટુંબકમ'' તથા શાની ભાવના વિકસેલી હોવી જોઈએ.

(A) જય જવાન
(B) જય જગત
(C) જય શ્રીરામ
(D) જય કિસાન

187. "History is a scientific study and a record of our complete past" આ વિધાન કોણ બોલે છે?

(A) ચાણક્ય
(B) ડૉ. થીંગના
(C) ડગ્લાસ
(D) વી.ડી ધાટે

188. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકની મર્યાદા નથી?

(A) વર્તમાનમાં પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવો વિદ્યાર્થી માટે મુશ્કેલ છે.

(B) સમાજ જીવનની બધીજ પ્રવૃત્તિઓને સ્થાન આપવું મુશ્કેલ છે.

(C) પાઠ્યપુસ્તકની કેટલીક માહિતી થોડા સમય પછી જૂની થઈ જાય છે.

(D) પાઠ્યપુસ્તકના વાંચનથી જ હેતુઓ કે ધ્યેયો સિદ્ધ કરવાં મુશ્કેલ બને છે.

189. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે?

(A) હેતુઓની સિદ્ધિ માટે પાઠ્યપુસ્તકનું વાચન જરૂરી છે.

(B) પાઠ્યપુસ્તકમાં સૂચિત પ્રવૃત્તિઓ વધુ સમય માંગી લે છે.

(C) વિદ્યાર્થી માટે એક શિક્ષકની ગરજ સારે છે.

(D) પાઠ્યપુસ્તકનું સ્વઅધ્યયન કરવામાં વિદ્યાર્થી આનાકાની કરે છે.

190. નીચેના પૈકીનો કયો વિકલ્પ સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકનું લક્ષણ નથી?

(A) અક્ષરો | (B) ગતિશીલતા

(C) બાંધણી | (D) વિષયવસ્તુની રચના

191. પાઠ્યપુસ્તકનાં મુખ્ય કયા સ્વરૂપના લક્ષણો હોય છે?

(A) આંતરિક અને બાહ્ય સ્વરૂપના | (B) પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપના

(C) મૂર્ત અને અમૂર્ત સ્વરૂપના | (D) સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સ્વરૂપના

192. નીચેના પૈકી કઈ બાબત સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકના મૂલ્યાંકનના માપદંડ પૈકીની ભૌતિક બાબત છે?

(A) પુસ્તકનો આકાર | (B) ભાષાશૈલી

(C) વિષયવસ્તુ | (D) અનુબંધ

193. પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન માટેની રીત કોણે સૂચવી છે?

(A) લૂઈસ વાંગલે | (B) ડૉ. થીંગના

(C) ડગ્લાસ | (D) ડી. ગ્લાસ

194. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કઈ સાલમાં ધોરણ-આઠ , ધોરણ-નવ માટે સમાજવિદ્યા વિષયની અધ્યાપનપોથીનું પ્રકાશન થયું હતું?

(A) ઈ.સ. 1998-99 | (B) ઈ.સ 1992-93

(C) ઈ.સ 1993-94 | (D) ઈ.સ 1996-97

195. નીચેના પૈકીનો કયો વિકલ્પ પાઠ્યપુસ્તકનું આંતરિક લક્ષણ છે?

(A) કાગળ | (B) સ્વાધ્યાય કાર્ય

(C) કિંમત | (D) પુસ્તકનો આકાર અને કદ

196. મૂલ્યાંકન એ કેવી પ્રક્રિયા છે?

(A) ખંડિત પ્રક્રિયા છે. | (B) અસતત પ્રક્રિયા છે.

(C) આંશિક પ્રક્રિયા છે. | (D) સતત ચાલતી પ્રક્રિયા છે.

197. સામાજિક વિજ્ઞાનના મૂલ્યાંકનના કયા સાધનમાં પ્રશ્નોની હારમાળા હોય છે?

(A) અભિપ્રાયાવલિ | (B) પ્રશ્નાવલિ

(C) ઓળખયાદી | (D) ક્રમમાપદંડ

198. વિદ્યાર્થીના કોઈ વિશિષ્ટ ક્ષેત્રની કુશળતાની ચકાસણી કરવા માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) નોંધપત્રક | (B) પ્રશ્નાવલિ

(C) ક્રમમાપદંડ | (D) મુલાકાત પત્રક

199. વિદ્યાર્થીએ કરેલ વર્તનની ચકાસણી કરવા માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) ઓળખયાદી (B) સાક્ષ્યપત્રક
(C) ક્રમમાપદંડ (D) અભિપ્રાયાવલિ

200. માનવજીવનનું નાટક ભજવાય છે એવા વિશ્વ રંગમંચનું અધ્યયન કયો વિષય કરે છે?
(A) ભૂગોળ (B) ઈતિહાસ
(C) નાગરિકશાસ્ત્ર (D) અર્થશાસ્ત્ર

201. ''હું ઇંગ્લેન્ડનો બધો જ ઇતિહાસ શેક્સ પિયરનાં નાટકોમાંથી શીખ્યો છું''. આ વિધાન કોણ બોલે છે?
(A) કાકાસાહેબ કાલેલકર (B) જોન્સન
(C) ચેટહમ (D) ફિર દોશી

202. પૂર્વ અજમાયશને પરિણામે પ્રાપ્ત થયેલી માહિતીને આધારે પ્રત્યેક પ્રશ્નનું કયું મૂલ્ય શોધવામાં આવે છે.
(A) માનાંક (B) કઠિનતા
(C) વિશ્વસનીયતા (D) તારવણી મૂલ્ય

203. નીચેના પૈકીનો કયો વિકલ્પ માપન અને મૂલ્યાંકન વચ્ચેનો ભેદ દર્શાવે છે?
(A) મૂલ્યાંકન સૈદ્ધાંતિક છે. (B) માપન પ્રાયોગિક છે.
(C) મૂલ્યાંકન એ માપન કરતાં વિશાળ છે. (D) મૂલ્યાંકન અને માપનની પ્રક્રિયા ક્યારેક જ ચાલે છે.

204. નીચેના પૈકીનો કયો વિકલ્પ મૂલ્યાંકન પ્રક્રિયાનું સોપાન નથી?
(A) હેતુઓ નક્કી કરવા. (B) હેતુઓને અનુરૂપ અભ્યાસક્રમ નક્કી કરવો.
(C) મૂલ્યાંકન કસોટીની રચના કરવી. (D) વિદ્યાર્થીઓને સ્વાધ્યાય આપવો.

205. નીચેના પૈકીનો કયો વિકલ્પ મૂલ્યાંકન કસોટી સાથે સંબંધિત નથી?
(A) નિદાનાત્મક કસોટી (B) પ્રસાર કસોટી
(C) મૂલક સંદર્ભ કસોટી (D) પ્રમાણભૂત કસોટી

206. કોણે લખ્યું છે, કે ''જે શિક્ષક પગને ફેફસાં દ્વારા સમાજવિદ્યાનું અધ્યાપન-અધ્યયન કરે એ શિક્ષક જ સમાજવિદ્યાનો સાચો શિક્ષક''
(A) જેમ્સ ફેરગ્રીવે (B) ડૉ. બુબેકર
(C) ડૉ. સ્ટીફન કોરે (D) પ્ર. ત્રિવેદી

207. ''એક દિવસ આપણે સૌ આપણી પોતાની જ નિશાળમાં ભણીશું. એ નિશાળ એટલે દુનિયા.'' આ વિધાન કોણ બોલે છે?
(A) ડૉ. બુબેકર (B) જહોન ડયુઈ
(C) માર્શલ મેક લુહાન (D) જેમ્સ ફેરગ્રીવે

208. શિક્ષક કોઈ ઘટના કે સંકલ્પના ''કેમ'', ''શા માટે'', અને ''શું'' વિશે વધુ સમજ કેળવવા માટે પ્રયત્ન કરે છે તેને શું કહીશું?
(A) સ્પષ્ટીકરણ (B) અભિગમ
(C) ઉત્તેજના પરિવર્તન (D) સંવાદ

209. આદર્શ પ્રશ્નપત્રની રચનામાં કઈ ત્રણ બાબતોને કેન્દ્રમાં રાખવામાં આવે છે?
(A) વિષયવસ્તુના મુદ્દા - હેતુ - પ્રશ્નસ્વરૂપ (B) કસોટી - હેતુ - પ્રશ્નસ્વરૂપ
(C) મુદ્દા - સાધનો - પ્રશ્નસ્વરૂપ (D) અનુભવો - હેતુ - મૂલ્યાંકન

210. નીચેના પૈકીનો કયો વિકલ્પ આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો સાથે સંબંધિત નથી?
(A) સૂચિત અભ્યાસક્રમને પ્રમાણસરનો ગુણભાર (B) પ્રશ્નપત્ર પ્રમાણભૂત હોય
(C) પરીક્ષણમાં સુગમતા ન હોય (D) પ્રશ્નપત્રના પ્રશ્નો સુગ્રથિત હોય

211. ચલચિત્રો, ચિત્ર, સ્લાઈડ અને સંગીત જેવાં માધ્યમોના સયુંકત ઉપયોગને શું કહેવામા આવે છે?

(A) ચિત્ર મેળો
(B) પ્રદર્શન
(C) માદયમ
(D) બહુ માદયમ

212. સામાજિક વિજ્ઞાનના પ્રસન્ન, જીવંત અને અસરકારક શિક્ષણ માટે કઈ બાબત જરૂરી છે?

(A) નકશા દ્વારા શિક્ષણ
(B) સામાજિક વિજ્ઞાન ખંડ દ્વારા શિક્ષણ
(C) નાટક દ્વારા શિક્ષણ
(D) પ્રવાસ દ્વારા શિક્ષણ

213. સતત સર્વગ્રાહી મૂલ્યાંકન એટલે .....

(A) વિદ્યાર્થીના વિદ્યાકીય અને બિનવિદ્યાકીય પાસાંઓનું મૂલ્યાંકન
(B) વિદ્યાર્થીનું અનુકૂળતાએ મૂલ્યાંકન
(C) વિદ્યાર્થીની મર્યાદિત બાબતોનું મૂલ્યાંકન
(D) વિદ્યાર્થીની શૈક્ષણિક બાબતોનું મૂલ્યાંકન

214. નિદાન કસોટી ખાસ કરીને કેવા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે?

(A) હોંશિયાર અને તેજસ્વીને
(B) સામાન્ય કરતાં ઉચ્ચ બુદ્ધિનાં બાળકોને
(C) નબળાં અને મધ્યમ કક્ષાનાં બાળકોને
(D) ચપળ અને ચબરાકને

215. જીવન ચરિત્ર પદ્ધતિ ના પ્રણેતા કોણ છે? (ઈતિહાસનું અધ્યાયન પરિશલન)

(A) જહોન ડયુઈ
(B) એરિસ્ટોટલ
(C) ગાંધીજી
(D) થોમસ કાર્લાઈલ

216. "કોઈ પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને તેની દરેક બાજુથી વિચારવું તેનું પૃથક્કરણ કરવું તેનું નામ ચર્ચા." કોણ કહે છે? (ઈતિહાસનું અધ્યાયન પરિશલન)

(A) જેમ્સ ફેરગ્રીવે
(B) થોમસ કાર્લાઈલ
(C) વેવાસ્ટર
(D) જહોન ડયુઈ

217. "એક જ વિષયમુદ્દાના જુદા જુદા પાસાંઓ ઉપર પરિસંવાદમાં ભાગ લેનાર સભ્યો પોતાનું જ્ઞાન વિચારો અને સમાજ વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરે છે." (ઈતિહાસનું અધ્યાયન પરિશલન)

(A) જૂથ ચર્ચા
(B) સેમિનાર
(C) સિમ્પોઝિયમ
(D) જીવન ચરિત્ર

218. કયા શિક્ષણશાસ્ત્રી એ સર્વ પ્રથમ પાઠ્યપુસ્તક રચ્યું હતું?

(A) કોમેનિયસે
(B) એરિસ્ટોટલ
(C) ગાંધીજી
(D) થોમસ કાર્લાઈલ

219. શિક્ષકએ વિદ્યાર્થીનાં જીવન ઘડતરનું પ્રભાવશાળી પરિબળ છે. વિદ્યાર્થી જીવનમાં શિક્ષક જ તેનો .......... (ઈતિહાસનું અધ્યાયન પરિશલન)

(A) brother, Friend, guide
(B) Friend, mother, brother
(C) Friend, Father, sister
(D) Friend, philosopher, guide

220. નીચેના પૈકીનો કયો વિકલ્પ ઉપચારાત્મક કાર્ય સાથે સંબંધિત નથી?

(A) વ્યક્તિ અભ્યાસ દ્વારા ક્ષતિ સુધારણા
(B) નિદાન બાદ ખૂબ લાંબા સમયે સુધારણા
(C) ક્ષતિઓનું નિયમિત નિદાન
(D) નિયમિત કાર્યક્રમ દ્વારા ક્ષતિ સુધારણા

221. અભ્યાસક્રમ એટલે ......

(A) શિક્ષણાનુભવો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, સાધનો, સ્વાધ્યાય-મૂલ્યાંકનનો વિગતે નિર્દેશ કરે છે.

(B) સાક્ષરી વિષયોનું આયોજન અને અમલીકરણનો નિર્દેશ કરે છે.

(C) શીખવવાના મુદ્દાઓનું સંકલન અને અમલીકરણનો નિર્દેશ કરે છે.

(D) ભાવિકાર્યક્રમોનો નિર્દેશ કરે છે.

222. રસાયણશાસ્ત્રી નાગાર્જુન દ્વારા નીચેનામાંથી કયાં તત્ત્વોનો ઔષધી તરીકે ઉપયોગ કરવાનું સૂચવ્યું હતું?

1. લોહ 2. તાંબુ 3. સોલમ 4. પારો

(A) ફક્ત-4 (B) 3 & 4

(C) 1, 3 & 4 (D) 1, 2, 3 & 4

223. ''અમારે શિક્ષણ ક્ષેત્રે જો એક સુધારો સૂચવવાનો હોત તો તે સુધારો પરીક્ષા સુધારણાને લગતો હોત.'' આ વિધાન કોણ બોલે છે? (ઈતિહાસનું અધ્યાયન પરિશલન)

(A) ડૉ. રાધાકૃષ્ણન કમિશન (B) મુદ્રાલિયમ કમિશન

(C) કોઠારી કમિશન (D) ભારતની શિક્ષણની નવી નીતિ

224. કયા રાજાએ ધારાનગરીને વિદ્યાનગરી તથા સંસ્કૃત સાહિત્યના અભ્યાસ અર્થે વિદ્યાપીઠની સ્થાપના કરી હતી?

(A) યશોવર્મા (B) હર્ષવર્ધન

(C) રામભોજ (D) પુલકેશી

225. સમ્રાટ અશોકના અભિલેખમાં 'કેપ્લપુત્ર' રાજ્યનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉલ્લેખ કયા પ્રદેશ માટે છે?

(A) તમીલનાડુ (B) શ્રીલંકા

(C) કેરલ (D) તિરૂનેલ્વેલિ

226. પૃથ્વી ઉપર ઉત્તર અથવા દક્ષિણ ગોળાર્ધમાં વિષુવવૃત્તથી સરખા કોણીય અંતરે મળેલા સ્થળોને જોડનાર પૂર્વ-પશ્ચિમ સળંગ વર્તુળને શું કહેવાય છે?

(A) રેખાવૃત (B) અક્ષવૃત્ત

(C) રેખાંશ (D) અક્ષાંશ

227. 'માર્તંડ મંદિર' (સૂર્ય મંદિર) ક્યાં આવેલું છે?

(A) કાશ્મીર (B) ગુજરાત

(C) મધ્યપ્રદેશ (D) છત્તીસગઢ

228. ઋગ્વેદમાં કેટલાં મંડળો છે?

(A) 10 મંડળો (B) 15 મંડળો

(C) 12 મંડળો (D) 11 મંડળો

229. નાલંદા વિશ્વ વિદ્યાપીઠના આચાર્ય કોણ હતા?

(A) ચાણકય (B) પાણિનિ

(C) નાગાર્જુન (D) ચંદ્રગુપ્ત

230. રાણકીવાવ કયા રાણીએ બનાવી હતી?

(A) રાજશ્રી (B) ઉદયમતિ

(C) ભદ્રાવતીદેવી (D) મીનળદેવી

231. રાજસ્થાનના રણપ્રદેશમાં ધાબાવાળાં મકાનો હોવાનું એક કારણ જણાવો.

(A) ગરમીથી બચવા (B) રેતીના તોફાનથી બચવા

(C) પાણી સંગ્રહ કરવા (D) રાત્રે ઠંડી ન લાગે એ માટે

232. હિરાકુંડ યોજના કઈ નદી પર આવેલ છે?

(A) નર્મદા (B) કૃષ્ણા

(C) મહાનદી (D) સતલુજ નદી

233. થોરીયમ અને યુરેનીયમ કયા રાજ્યમાંથી મળી આવે છે?

(A) ઝારખંડ (B) ગુજરાત

(C) છત્તીસગઢ (D) બિહાર

234. મુઘલવંશના શાસક બાબરે ઈ.સ. 1527માં કોની સાથે કાનવાના મેદાનમાં યુદ્ધ કર્યું હતું?

(A) ઈબ્રાહીમ લોદી (B) મહારાણા પ્રતાપ

(C) રાણા સાંગા (D) પૃથ્વીરાજ ચૌહાણ

235. વારાણસીથી કન્યાકુમારી સુધીનો ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ કયા નંબરથી ઓળખાય છે?

(A) ધોરીમાર્ગ નં. 6 (B) ધોરીમાર્ગ નં. 7

(C) ધોરીમાર્ગ નં. 10 (D) ધોરીમાર્ગ નં. 35

236. ભારતમાં ઇ.સ. પાંચમી સદીના કયા સિક્કા મળી આવ્યા હતા?

(A) ગ્રીક (B) મૌર્યકાળ

(C) ગુપ્તયુગ (D) પંચમાર્ક

237. આદિમાનવોના વસવાટ માટેનું ઉત્તમ સ્થળ કયું હતું?

(A) કંડલા (B) ભીમબેટકા

(C) દ્વારકા (D) મેહરગઢ

238. આયોજનબદ્ધ નગર રચના એ કઈ સભ્યતાની સૌથી મોટી લાક્ષણિકતા હતી?

(A) લોથલ (B) હડપ્પીય

(C) મોહેં જો-દડો (D) ધોળાવીરા

239. રાજસ્થાનનું કયું નગર હડપ્પીય સભ્યતાની કૃષિ ક્રાંતિ મુખ્ય મથક હતું?

(A) કાલીબંગન (B) સુરકોટડા

(C) બનાવાલી (D) ચાનહુદારૂ

240. જનપદએ ઋગ્વેદકાલીન કબીલાઈ સમાજથી બહુ વિશિષ્ટ કહી શકાય તેવી શાની વ્યવસ્થા હતી?

(A) નગર વ્યવસ્થા (B) જિલ્લા વ્યવસ્થા

(C) સમાજ વ્યવસ્થા (D) રાજ્ય વ્યવસ્થા

241. રાજ્યની આબાદીનો પાયો ખેતી છે એવું ક્યો મુઘલ શાસક માનતો હતો?

(A) જહાંગીર (B) શાહજહાં

(C) ઔરંગઝેબ (D) એકપણ નહીં

242. શિવાજીનો રાજ્યાભિષેક કયા કિલ્લામાં થયો હતો?

(A) રાયગઢ (B) સિંહગઢ

(C) બીજાપુર (D) પૂના

243. ચૈતન્ય મહાપ્રભુનો જન્મ કયા પ્રસિદ્ધ વિદ્યાધામમાં થયો હતો?

(A) ચંપારણ્ય (B) નદીયા

(C) તલવંત (D) કાશી

244. આધુનિક ભારતની મોટાભાગની લિપિઓ કઈ લિપિમાંથી વિકસી છે?

(A) બ્રાહ્મી (B) દેવનાગરી

(C) બાંગ્લા (D) તમિલ

245. પ્લાસીનું યુદ્ધ અંગ્રેજો અને કોની વચ્ચે થયું હતું?

(A) મીર મફર (B) મીર કાસીમ

(C) સિરાજ-ઉદ્-દૌલા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

246. રાજ્યસભામાં કેટલા સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે?

(A) 250 (B) 238

(C) 12 (D) 8

247. રાજ્યસભાનું સંચાલન કોણ કરે છે?

(A) રાષ્ટ્રપતિ (B) અધ્યક્ષ

(C) સ્પીકર (D) સભાપતિ

248. ઈ.સ. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામનું તાત્કાલિક કારણ નીચે પૈકી ક્યું હતું?

(A) એનફિલ્ડ રાઈફલ (B) અંગ્રેજોની વિસ્તારવાદી નીતી

(C) ઈરાદાપૂર્વક ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરવો (D) જમીનદારો અને ખેડૂતોને જમીનવિહોણા કરવા

249. દ્વારકાધીશનું મંદિર કઈ નદીના ઉત્તર કિનારે આવેલું છે?

(A) રંગમતી (B) ગોમતી

(C) નાગમતી (D) સરસ્વતી

250. કઈ ઉંમરના બાળકોને મફત અને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે?

(A) 18 વર્ષ સુધીના (B) 14 વર્ષ સુધીના તમામ

(C) 6 થી 14 વર્ષના (D) 3 વર્ષ સુધી

251. દિલ્હી પાસેનો કયો લોહસ્તંભ જેને સદીઓ સુધી તાપ અને વરસાદમાં રહેવા છતાં કાટ લાગ્યો નથી?

(A) શિલ્પ (B) ચિત્રકલા

(C) સ્થાપત્ય (D) મેહશૈલી

252. જૈન ધર્મનું પ્રાચીન સાહિત્ય કેટલા પર્વ અને કેટલા અંગમાં વહેંચાયેલું છે?

(A) 16 અને 18 (B) 14 અને 12

(C) 15 અને 14 (D) 18 અને10

253. સૂર્યની ઉર્જાથી પૃથ્વી પર જીવસૃષ્ટિ વિકાસ પામી છે. તેથી સૂર્યને કેવા પાલક તરીકે ઓળખવામાં આવે છે?

(A) સજીવોના (B) વનસ્પતિઓના

(C) જીવજંતુના (D) જગતના

254. બે જળવિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટીને શું કહે છે?

(A) ભૂશિર (B) સંયોગીભૂમિ

(C) દ્વીપ કલ્પ (D) સમુદ્રધુની

255. ગ્રહો, ઉપગ્રહો, આકાશગંગા, નક્ષત્રો વગેરે અવકાશી પદાર્થોની માહિતી આપતા નકશા કયા નકશા તરીકે ઓળખવામાં આવે છે?

(A) રાજકીય નકશા (B) ભૂપૃષ્ટ નકશા

(C) ખગોળિય નકશા (D) સંસ્કૃતિક નકશા

256. ગુજરાત રાજ્યના પંચાયતી માળખામાં તાલુકા સ્તરે તાલુકા પંચાયતના વહીવટી વડા કોણ હોય છે?

(A) નાયબ તાલુકા વિકાસ અધિકારી
(B) જિલ્લા વિકાસ અધિકારી
(C) તાલુકા વિકાસ અધિકારી
(D) નાયબ જિલ્લા અધિકારી

257. 'દેશના શાસનનાં તેઓ પાયારૂપ સિદ્ધાંતો છે.' એવું કથન બાબાસાહેબ આંબેડકર દ્વારા નીચેના પૈકી કોનું મહત્ત્વ દર્શાવવા માટે કહ્યું હતું?

(A) મૂળભૂત હકો
(B) મૂળભૂત ફરજો
(C) રાજ્યનિતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(D) બંધારણીય ઈલાજોનો હક

258. ભારતીય કૃષિ સંશોધન પરિષદ(ICAR) દ્વારા ભારતની જમીનોને આઠ પ્રકારમાં વહેંચવામાં આવેલ છે. જે પૈકી નીચેનામાંથી કઈ જમીનનું પ્રમાણ ભારતમાં સૌથી વધુ જોવા મળે છે?

(A) કાળી જમીન
(B) કાંપની જમીન
(C) રાતી જમીન
(D) જંગલ પ્રકારની જમીન

259. ઈ.સ. કઈ સાલમાં સરસ્વતી નદીના કિનારે વનરાજ ચાવડાએ અણહિલવાડ પાટણ ની સ્થાપના કરી હતી?

(A) ઈ.સ. 756
(B) ઈ.સ. 778
(C) ઈ.સ. 856
(D) ઈ.સ. 755

260. કુતુબુદ્દીન ઐબક નિર્મિત અન્ય એક ઈમારત "ઢાઈ દિન કા ઝોંપડા" નામની મસ્જિદ જે કયા શહેરમાં આવેલ છે?

(A) જયપુર
(B) અમદાવાદ
(C) દિલ્હી
(D) અજમેર

261. અબુલ ફઝલે કયા નામના ગ્રંથમાં અકબરની જીવન કથા આલેખી છે?

(A) નવરત્નો
(B) અકબરનામા
(C) મકબરો
(D) કિતાબુલ હિન્દ

262. 'ડુગાંગ' એ શું છે?

(A) જમીનનો પ્રકાર
(B) ઉભયજીવ
(C) જળચર
(D) સરીસૃપ

263. 'ગોપુરમ' એ શું છે?

(A) પ્રતિમા રાખવાનું સ્થાન
(B) બેસવાનું સ્થાન
(C) પ્રવેશદ્વાર
(D) ટોચનો ભાગ

264. ફતેહપુર સિકરી નગરની સ્થાપના કોણે કરી હતી?

(A) શાહજહાંએ
(B) બાબરે
(C) અકબરે
(D) હુમાયુએ

265. વિજયનગરની રાજધાનીનું નામ શું હતું?

(A) સતારા
(B) હમ્પી
(C) પુડુચેરી
(D) ચંદ્રનગર

266. ડાંગી રાજાઓ અને નાયકોને તેમના હકના બદલામાં વંશ પરંપરાગત શું આપવાનું નક્કી કર્યું છે?

(A) સાલિયાણું
(B) ભાડું
(C) વારસો
(D) નોકરી

267. મોટેભાગે લોકો પૂરની ઘટનાને કોની સાથે જોડે છે?

(A) નદી
(B) મહાસાગર
(C) પર્વત
(D) ટાપુ

268. 15 માર્ચનો દિવસ કયા દિવસ તરીકે ઓળખાય છે?

(A) ગ્રાહક અધિકારદિન
(B) વિશ્વગ્રાહક દિન
(C) ગ્રાહક જાગૃતિ દિન
(D) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન

269. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે સત્તા સ્થાપવા કેટલા કર્ણાટક વિગ્રહો થયા હતાં?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

270. બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર કરાયેલ હિંદ સ્વતંત્ર્ય ધારો કોની યોજના અનુસાર પસાર કરાયેલ હતો?

(A) વી.વી.મેનન
(B) જવાહરલાલ નહેરૂ
(C) માઉન્ટ બેટન
(D) મહમદઅલી ઝીણા

271. વેલેસ્લી દ્વારા અમલમાં લાવેલ સહાયકારી યોજના નીચે પૈકીના કયા રાજ્યોએ અપનાવેલી હતી?

(A) સિંધીયા
(B) અવધ
(C) (A) અને (B) એકપણ નહીં
(D) (A) અને (B) બંને

272. અજમેરમાં કયા ચિશ્તીએ ચિશ્તી પરંપરાની સ્થાપના કરી હતી. જે આજે પણ કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ છે?

(A) બાબા ફરીદે
(B) મોઈનુદીન
(C) નિઝામુદીન
(D) ખ્વાજા બકી

273. ગુજરાતી માટેનો જ કહી શકાય તેવો નવો કયો યુગ નરસિંહ મહેતાના હાથે વિકસે છે?

(A) ભૌતિકયુગ
(B) પ્રયોગયુગ
(C) સાહિત્યયુગ
(D) માહિતીયુગ

274. તમિલ ભાષામાં પોંગલનો અર્થ શું થાય છે?

(A) બાફવું
(B) શેકવું
(C) ઉકાળવું
(D) તાપવું

275. ગોળ-ગધેડાનો મેળો કયા જિલ્લામાં યોજવામાં આવે છે?

(A) સુરેન્દ્રનગર
(B) પંચમહાલ
(C) દાહોદ
(D) ડાંગ

276. આબોહવાને અસર કરતાં પરિબળો કયા છે ?

(A) અક્ષાંશ
(B) સમુદ્રથી અંતર
(C) સમુદ્ર સપાટીથી ઊંચાઈ
(D) આપેલ તમામ

277. બેરોજગારી નિવારણ માટે શિક્ષિત બેરોજગારોની નોંધણી કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે?

(A) રોજગાર વિનિમય કેન્દ્ર
(B) શ્રમ મંત્રાલય
(C) મોડેલ કેરિયર સેન્ટર
(D) ગ્રામ પંચાયત

278. સરકાર દ્વારા કઈ પેદાશોના ભાવો નિર્ધારીત કરાય છે?

(A) પેટ્રોલ-ડીઝલ
(B) સિમેન્ટ
(C) રેલવેનૂર
(D) તમામ

279. ઈ.સ. 1651 માં કઈ નદીને કાંઠે અંગ્રેજોએ પહેલ વહેલો વેપાર કરવાની શરૂઆત કરી?

(A) ગંગાનદી
(B) તાપીનદી
(C) હુગલીનદી
(D) યમુનાનદી

280. બંધારણમાં મૂળભૂત અધિકારો અને સ્વાતંત્ર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ખાસ તો કયો અધિકાર આપવામાં આવ્યો છે. જેને ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણના આત્મા સમાન ગણાવ્યો છે.

(A) બંધારણીય ઈલાજોને
(B) હકકો
(C) ફરજો
(D) ખરડા સમિતિ

281. ''વેદો તરફ પાછા વળો'' કયા સમાજસેવકે વિચાર આપ્યો હતો?

(A) રામકૃષ્ણ પરમહંસ
(B) રાજા રામમોહનરાય
(C) સ્વામી વિવેકાનંદ
(D) દયાનંદ સરસ્વતી

282. વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે આવે છે?

(A) 21 માર્ચ
(B) 22 એપ્રિલ
(C) 5 જૂન
(D) 16 સપ્ટેમ્બર

283. વિશ્વ ગ્રાહક દિન ક્યારે આવે છે?

(A) 11 જુલાઈ
(B) 5 જૂન
(C) 22 એપ્રિલ
(D) 15 માર્ચ

284. 'હું જીવતે જીવ અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહીં.' આ વિધાન કોણ બોલે છે?

(A) ચંદ્રશેખર આઝાદ
(B) ખૂદીરામ બોઝ
(C) વીર સાવરકર
(D) વાસુદેવ બળવંત ફડકે

285. શેર-એ-પંજાબ તરીકે કોણ જાણીતા બન્યા હતા?

(A) બિપિનચન્દ્ર પાલ
(B) લોકમાન્ય ટિળક
(C) લાલા લજપતરાય
(D) સુભાષચંદ્ર બોઝ

286. ''હું ગુલામ હિન્દુસ્તાનમાં પગ મૂકીશ નહિ.'' આવું કોણ બોલે છે?

(A) શ્યામ પ્રસાદ મુખરજી
(B) કમાલદેવ ચટોપાધ્યાય
(C) સરોજીની નાયડુ
(D) સુભાષચંદ્ર બોઝ

287. કોઈ પણ નિશ્ચિત વિસ્તારમાં દરહજારની વસ્તીએ એક વરસ દરમિયાન જન્મતાં બાળકોની સંખ્યાને શું કહેવામાં આવે છે?

(A) મૃત્યુદર
(B) જન્મ દર
(C) કુટુંબ નિયોજન
(D) વસતિદર

288. ગાંધીજી ચંપારણના કયા ગામમાં રહીને લડત ચલાવી હતી?

(A) મોતીહારી
(B) બગુસર
(C) સોની હારી
(D) આંબાવાડિયા

289. વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ કોની પસંદગી કરી હતી?

(A) સરદાર પટેલ
(B) જવાલાલ નેહરૂ
(C) વિનોબા ભાવે
(D) મૌલાના આઝાદ

290. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનનું વડુ મથક ક્યાં આવેલું છે?

(A) રોમ
(B) ન્યૂયોર્ક
(C) જિનિવા
(D) પેરિસ

291. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન કાળમાં ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચે શાની સેવાની શરૂઆત થઈ હતી?

(A) રેલ્વે
(B) આગબોટ
(C) સંદેશા
(D) ટપાલ

292. ખેત પેદાશ જંગલો અને માછલીઓનું ઉત્પાદન વધારવા પોષણનું ધોરણ ઉંચુ લાવવા કઈ સંસ્થા કામ કરે છે?

(A) આઈ.એલ.ઓ. (B) ડબ્લ્યુ.એચ.ઓ.

(C) એફ.એ.ઓ. (D) યુ.એન.ઓ.

293. ''અહિંસાનું મૂલ્ય નહીં સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે.'' આ વિધાન કોણ બોલે છે?

(A) મહાત્મા ગાંધીજી (B) વિનોબા ભાવે

(C) લોકમાન્ય ટિળક (D) સરદાર પટેલ

294. બંધારણ સભાના કુલ કેટલા સભ્યો હતા?

(A) 380 (B) 389

(C) 401 (D) 381

295. 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં કયો શબ્દ ઉમેરવામાં આવ્યો છે?

(A) ન્યાય (B) સ્વતંત્રતા

(C) બિનસાંપ્રદાયિકતા (D) બંધુતા

296. ''આઝાદી માટે મારી આ અંતિમ લડત છે. અને તેના માટે લોકો બધું જ બલિદાન કરવા તૈયાર હતા.'' કોણ બોલે છે?

(A) ભગતસિંહ (B) સુભાષચંદ્ર બોઝ

(C) ગાંધીજી (D) સરદાર પટેલ

297. સંસ્કૃતિ એટલે ..........

(A) જીવન જીવવાની રીત (B) પૂર્વજો તરફથી મળેલી

(C) વારસો (D) સમાજ રીતરિવાજ

298. ભારતીય સાહિત્યનું પ્રાચીન ધર્મગ્રંથ કયો છે?

(A) યજુર્વેદ (B) ઋગ્વેદ

(C) સામવેદ (D) અથર્વવેદ

299. દેશ-વિદેશનાં પ્રવાસીઓ કયા મંદિરોની શિલ્પકલા, મૂર્તિ કલા અને વાસ્તુકલા જોઈને મંત્રમુગ્ધ બને છે?

(A) સૂર્યમંદિર (B) અક્ષર મંદિર

(C) ખજૂરાહો મંદિર (D) કોણાર્ક મંદિર

300. ''મને કહેતાં ગર્વ થાય છે કે જે ધર્મનો પ્રતિનિધિ છું તે જ ધર્મ જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વના પાઠ શીખવ્યા છે.'' આ વિધાન કોણ બોલે છે?

(A) રામકૃષ્ણ પરમહંસ (B) દયાનંદ સરસ્વતી

(C) સ્વામી વિવેકાનંદ (D) મહાત્મા ગાંધી